
# રત્ન મંજૂષા



માંડવગઢના મંત્રીશ્વર પેથડશા પાલખીમાં
બેઠાં બેઠાં ઉપદેશમાલા ગ્રંથ ભણે છે.

પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા–અમદાવાદ.

આચાર્યશ્રી વિજય દેવસૂરિ ગ્રંથમાળા

# રત્નમંજૂષા

(પૂજ્ય શ્રીધર્મદાસગણિ મહારાજ વિરચિત
ઉપદેશમાલામાંથી ચૂંટેલી ૨૯૩ ગાથાનો અમૂલ્ય સંગ્રહ)

: પ્રેરણા :

પૂજ્યપાદ શાસનસમ્રાટ શ્રીમદ્‌વિજય
નેમિ-અમૃત-દેવસૂરીશ્વર મહારાજ
**આ. વિજયહેમચન્દ્રસૂરિ**

: સંગ્રાહક :

પૂ.પં.શ્રી ગુણશીલવિજયજી ગણિના શિષ્ય
સ્વાધ્યાયરસિક વય:સ્થવિર
**મુનિશ્રી કાન્તિવિજયજી મ.**

: પ્રકાશક :
શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
અમદાવાદ.

વિ.સં. ૨૦૬૪ ઈ. સં. ૨૦૦૮

રત્નમંજૂષા

નકલ : ૫૦૦

પૃષ્ઠ સંખ્યા : ૮૩ + ૪

કિંમત : ૩૦-૦૦ રૂા.

: પ્રાપ્તિસ્થાન :

- **શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા**
  જિતેન્દ્રભાઈ બી. કાપડિયા
  અજંતા પ્રિન્ટર્સ, ૧૪-બી, સત્તર તાલુકા સોસાયટી,
  પોષ્ટ : નવજીવન, અમદાવાદ-૧૪
  ફોન : (ઓ.) ૨૭૫૪૫૫૫૭ (રહે.) ૨૬૬૦૦૯૨૬

- **શરદભાઇ શાહ**
  ૧૦૨, વી.ટી. એપાર્ટમેન્ટ,
  દાદાસાહેબ પાસે, કાળાનાળા,
  ભાવનગર-૩૬૪૦૦૧. ફોન : ૦૨૭૮-૨૪૨૬૭૯૭

- **વિજયભાઈ દોશી**
  સી-૬૦૨, દત્તાણીનગર, બિલ્ડીંગ નં-૩,
  એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨.
  મો. ૯૩૨૦૪ ૭૫૨૨૨

*મુદ્રક: કિરીટ ગ્રાફીક્સ-અમદાવાદ. ફોન.૯૮૯૮૪૯૦૦૯૧*

# મંગલકામના

શ્રી દેવગુરુચરણરજ આ. વિજયહેમચન્દ્રસૂરિ

પૂજ્યશ્રી ધર્મદાસગણિ મહારાજે રચેલ ઉપદેશમાલા એ શાસ્ત્ર નહિ પણ મહાશાસ્ત્ર છે. એના વચનને આગમવચન તુલ્ય માનવામાં આવે છે.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ જેવા સમર્થ વિદ્વાન્ મહાપુરુષે પોતાની રચનામાં કેટલીયે જગ્યાએ આધારગ્રંથ તરીકે આનો ઉલ્લેખ કર્યો છે. તેમજ બીજા પણ ઘણા વિદ્વાન પુરુષોએ પ્રમાણભૂત તરીકે ઉપદેશમાલાને સ્વીકારેલ છે.

ગમે તેવા આળસુને પણ આનું વાંચન/મનન ચાનક ચડાવી મોક્ષ સાધક અનુષ્ઠાનો કરવામાં તથા વ્રત/તપ/ જપમાં સક્રિય બનાવવાનું સામર્થ્ય ધરાવે છે.

હાથીને અંકુશ, ઘોડાને લગામ તથા બળદને નાથ જે કામ કરે તે કામ સાધુજીવનમાં આ ઉપદેશમાલા કરે છે.

આની એક/એક ગાથા ચેતનાને ઢંઢોળી આરાધનામાં આગેકદમ બઢાવવા માટે પ્રેરણારૂપ બને તેવી છે.

આનો અભ્યાસ દીનતાને દૂર કરી સાધુતાની ખુમારી પ્રગટાવવાનું અદ્‌ભુત કાર્ય કરે એમ છે.

માંડવગઢના મંત્રીશ્રી પેથડશાએ પૂ. આ.મા.શ્રી ધર્મઘોષસૂરિ મહારાજની પ્રેરણાથી આ ઉપદેશમાલા કંઠસ્થ કરી હતી.

પ્રત્યેક સાધુ/સાધ્વીજીએ આને કંઠસ્થ કરી આનો સ્વાધ્યાય તથા નિયમિત આવૃત્તિ તથા એનું ચિંતન/મનન અવશ્ય કરવું જોઈએ. આની કેટલીક ગાથાઓ તો એટલી બધી ચોટદાર છે કે જે વાંચતાં આપણે ધ્રુજી ઊઠીએ અને કો'કવાર તો હૃદય ગદ્‌ગદિત થતાં આંખમાંથી અનવરત અશ્રુ પ્રવાહ પણ વહેવા માંડે,

રત્નમંજૂષા

આની અલગ/અલગ પુસ્તિકાઓ તો ઘણી બહાર પડી જ છે પણ જે કેટલાંક સંક્ષિપ્તરુચિ જીવો આના ૫૪૦ શ્લોક જેવા વિશાળ કદને જોઈ એના પઠન/પાઠન તરફ અરુચિવાળા બનાવાની સાથે આળસી જતાં હોય છે તેઓને પણ ભણવા/ગણવાની રુચિ જાગૃત થાય અને એ માટે ઉત્સાહિત થાય એ હેતુથી આમાંથી ચૂંટેલી ૨૯૩ ગાથાના સંગ્રહરૂપ આ પુસ્તિકા 'રત્નમંજૂષા' ના નામે અત્રે પ્રકાશિત કરવામાં આવી રહી છે. આ

ઉપરથી કોઈ એવું માનવાની હરગીજ ભૂલ ન કરે કે આમાં આટલી જ ગાથા સારભૂત છે, અરે ભાઈ! આની તો પ્રત્યેક ગાથા અર્થસભર અને પ્રેરણાના પ્રબળ સ્રોતરૂપ છે જ, છતાં ઉપર જણાવ્યું તે પ્રમાણે સંક્ષિપ્તરુચિવાળા જીવો માટે આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આમાં પ્રારંભમાં જે નંબર છે તે ગાથાનો ક્રમાંક નંબર છે અને છેલ્લે જે છે તે ગાથાનો મૂળનંબર છે - જેથી જેણે એ ગાથા મૂળપુસ્તકમાં જોવી હોય તેને તે મળી આવશે.

**મુનિ શ્રી કાન્તિવિજયજી**

અમારા તથા અન્ય સૌના પણ નિર્વ્યાજ સ્નેહભાજન સ્વાધ્યાયરુચિ વયઃસ્થવિર મુનિશ્રી કાન્તિવિજયજી મ. કે જેઓ બહુ મોટી એટલે ૭૩ વર્ષની વયે તીવ્ર વૈરાગ્યથી સંયમ સ્વીકારી એક યુવાનને પણ શરમાવે તેવા અદમ્ય ઉત્સાહ/ ઉમંગથી સંયમની આરાધના કરવા પૂર્વક જ્ઞાનાભ્યાસની લગની લગાડી અથવા કહો કે ધૂણી ધખાવી તેમાં ઓતપ્રોત થઈ ગયા છે. રોજ સવારે ત્રણ વાગે ઊઠવાનું, ૧૦ બાંધી નોકારવાળી ગણવાની, રોજના બિયાસણાં,

પાંચતિથિ એકાસણા અને દર વદ દશમે આયંબિલ કરવાનું પ્રાયઃ રોજ ૫૦૦ ગાથાનો સ્વાધ્યાય કરવાનો. એમના જીવનમાં આટલું તો સહજપણે વણાઈ ગયું છે. જે જાણીને કોઈને પણ આશ્ચર્ય થયા વગર ન રહે તેટલાં ગ્રંથો તેમણે કંઠસ્થ કર્યા છે.

શ્રીદશવૈકાલિક સૂત્ર સંપૂર્ણ (ચૂલિકાસહિત)

જ્ઞાનસાર અષ્ટક (૩૨ અષ્ટક)

વીતરાગ સ્તોત્ર (૨૦ પ્રકાશ) અને ઉપદેશમાલા સંપૂર્ણ, પંચસૂત્ર તથા ચઉસરણપયન્ના

એમાં ઉપદેશમાલા એ તો એમનો અતિશય પ્રિયગ્રંથ, દિવસના મોટા ભાગના સમયમાં એ પુસ્તક એમના હાથમાં હોય જ. એની અર્થ વિચાર પૂર્વકની આવૃત્તિ તેઓ સતત કરતા રહે છે. અમે કરેલા નિશાન પ્રમાણે એ ગાથાના અંકને નોંધવાનું કામ તેમણે કર્યું છે. તેથી આનાં સંગ્રાહક તરીકે એમના નામનો નિર્દેશ કર્યો છે.

આના અભ્યાસ તથા ચિંતન/મનનથી સૌ સાધક આત્માઓ હળુકર્મિતા કેળવી આસન્નસિદ્ધિપણાને પ્રાપ્ત કરે એજ એક મંગલ કામના.

સં. ૨૦૬૪,<br>જેઠવદિ-૧૦

સાન્તાક્રુઝ<br>જૈન તપાગચ્છ ઉપાશ્રય

# અનુક્રમ


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મંગલકામના | ૩-૬ |
| ૨ | ઉપદેશમાલામાંથી ચૂંટેલા શ્લોકો | ૧-૭૮ |
| ૩ | ગાથા અકારાદિ ક્રમ | ૭૯-૮૩ |

શ્રુતભક્તિનો અનુમોદનીય લાભ

શ્રી નેમિનગર

રમણ-દિલીપ વિહારધામ

જલાલપુર - સરાંઢી ના

જ્ઞાનખાતાની રકમમાંથી

# રત્નમંજૂષા

१ नमिऊण जिणवरिंदे, इंदनरिंदच्चिए तिलोयगुरु।
उवएसमालमिणमो, वुच्छामि गुरूवएसेणं ॥१॥

શ્રી જિનવરેંદ્ર તીર્થંકરને નમસ્કાર કરીને, ગુરુના ઉપદેશને અનુસરીને હું (ધર્મદાસગણિ)આ ઉપદેશમાલા કહીશ. જિનવરેંદ્ર કેવા છે ? ઇંદ્ર અને નરેંદ્રથી પૂજિત છે. વળી તે કેવા છે? ત્રિભુવનના ગુરુ છે.

२ जगचूडामणिभूओ उसभो वीरो तिलोयसिरितिलओ ।
एगो लोगाइच्चो, एगो चक्खू तिहुअणस्स ॥२॥

શ્રી આદિનાથ વિશ્વને મુકુટ સમાન થયા. શ્રી મહાવીર-પ્રભુ ત્રિભુવનની લક્ષ્મીના તિલક સમાન છે. એક શ્રી આદિનાથ લોકને સૂર્યસમાન અને એક શ્રી મહાવીર ત્રિભુવનને લોચન સમાન છે.

३ संवच्छरमुसभजिणो, छम्मासा वद्धमाण जिणचंदो ।
इअ विहरिआ निरसणा, जइज्ज एओवमाणेणं ॥३॥

શ્રી આદિનાથે એક વર્ષ સુધી અને જિનચંદ્ર શ્રી મહાવીર તીર્થંકરે છ માસ સુધી આ પ્રકારે ચઉવિહાર ઉપવાસ કરીને છદ્મસ્થ કાળમાં વિહાર કર્યો. આ બન્ને તીર્થંકરોના દૃષ્ટાંતે, તપને વિષે યત્ન કરવો.

૪ जइ ता तिलोयनाहो विसहइ बहुआइं असरिसजणस्स।
इअ जीअंतकाराइं, एस खमा सव्व साहूणं ॥४॥

ત્રિભુવનના સ્વામી શ્રી મહાવીરે નીચ લોકનાં અનેક અનિષ્ટો - ઉપસર્ગો સહન કરી લીધાં એ લોકપ્રસિદ્ધ છે. તો બીજા જીવોનાં વિનાશનાં કૃત્યો પ્રત્યે સઘળા મહાત્માઓએ એવી ક્ષમા રાખવી.

૫ न चइज्जइ चालेउं, महइ महा वद्धमाण जिणचंदो।
उवसग्ग सहस्सेहि वि, मेरु जहा वायगुंजाहिं ॥५॥

જેમ ભયંકર વાયુ-સમૂહ મેરુ પર્વતને કંપાવી ન શકે તેમ હજારો ઉપસર્ગો છતાં ગમે તેવો મોટો પણ શ્રી મહાવીરપ્રભુને ધર્મધ્યાનમાંથી ચળાવી ન શકે.

૬ भद्दो विणीअविणओ, पढम गणहरो समत्तसुयनाणी।
जाणंतो वि तमत्थं, विम्हिअहियओ सुणइ सव्वं॥६॥

કલ્યાણ કરનારા, વિનયવંત અને સંપૂર્ણ શ્રુતજ્ઞાની એવા પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી, (શ્રુતનો) અર્થ જાણતા હોવા છતાં, આશ્ચર્યસભર ચિત્તે સર્વશ્રી મહાવીરનું કહેલું સાંભળે છે.

૭ जं आणवेइ राया पगईओ तं सिरेण इच्छंति।
इअ गुरुजणमुहभणिअं, कयंजलि उडेहिं सोअव्वं॥७॥

રાજા જે આદેશ આપે છે તેને પ્રજા મસ્તકે ચઢાવે છે- સ્વીકારે છે, એ જ પ્રકારે ગુરુજનને મુખેથી બોલાયેલું (વચન) બે હાથ જોડીને સાંભળવું જોઈએ.

૮ जह सुरगणाण इंदो गहगणताराणगणाण जह चंदो।
जह य पयाण नरिंदो, गणस्स वि गुरु तहाणंदो ॥८॥

દેવ સમૂહમાં જેમ ઈંદ્ર, ગ્રહ-તારાના સમૂહમાં જેમ ચંદ્ર અને પ્રજામાં જેમ રાજા, તેમ (સાધુ)ગચ્છને ગુરુ આનંદકારી છે.

૯ पडिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को ।
गंभीरो धिइमंतो उवएसपरो य आयरिओ ॥१०॥

રૂપવંત, તેજવંત, પોતાના યુગમાં સઘળા (આગમ) સિદ્ધાંતોના જ્ઞાતા, મધુરભાષી, ગંભીર, નિશ્ચલચિત્ત અને ઉપદેશ દેવાને તત્પર એવા આચાર્ય ગુરુ હોય.

૧૦ अपरिस्सावी सोमो, संगहसीलो अभिग्गहमई अ।
अविकत्थणो अचवलो पसंतहियओ गुरू होइ ॥११॥

કોઈની કહેલી ગુપ્ત વાત અન્યને નહીં કહેનાર, સૌમ્ય, ગચ્છને માટે વસ્ત્ર-પાત્રાદિનો સંગ્રહ કરનાર, અભિગ્રહનું પાલન કરનાર, થોડું બોલનાર, સ્થિર અને શાંત ચિત્તવાળા - આવા ગુરુ હોય.

૧૧ कइआवि जिणवरिंदा, पत्ता अयरामरं पहं दाउं।
आयरिएहिं पयवयणं, धारिज्जइ संपइं सयलं ॥१२॥

ઘણા કાળ પૂર્વે વીતરાગ પ્રભુ મોક્ષનો માર્ગ દેખાડીને અજરામર સ્થાનકે - મોક્ષે પહોંચ્યા. હવે (વર્તમાનમાં) સઘળું શાસન આચાર્ય જ ટકાવે છે.

૧૨ दिणदिक्खिअस्स दमगस्स, अभिमुहा अज्जचंदणा अज्जा ।
नेच्छइ आसणगहणं सो विणओ सव्वअज्जाणं ॥१४॥

આર્ય ચંદનબાળા સાધ્વીજીએ તે જ દિવસે દીક્ષિત થયેલા રાંક મહાત્માની સામે આસન લેવાનું ન ઈચ્છ્યું. આવો વિનય સર્વ સાધ્વીજીઓએ કરવો.

૧૩ वरिससय दिक्खिआए, अज्जाए अज्जदिक्खिओ साहू ।
अभिगमणवंदणनमंसणेण विणएण सो पुज्जो ॥१५॥

સો વરસનાં દીક્ષિત સાધ્વીજીને પણ આજના દીક્ષિત સાધુની સામે જઈને વંદન-નમસ્કાર કરી અને આસનાદિ વિનયથી તે સાધુ પૂજવા યોગ્ય છે.

૧૪ धम्मो पुरिसप्पभवो, पुरिसवरदेसिओ पुरिसजिट्ठो ।
लोए वि पहू पुरिसो, किं पुण लोगुत्तमे धम्मे ॥१६॥

ધર્મ ગણધર રૂપ પુરુષથી ઉત્પન્ન થયો. તીર્થંકરે એને ઉપદેશ્યો. ધર્મમાં પુરુષ વડો છે. અજ્ઞાન લોકમાં પણ પુરુષનું પ્રભુત્વ હોય છે તો લોકત્તર ધર્મમાં તો કહેવું જ શું?

૧૫ किं परजणबहुजाणावणाहिं, वरमप्पसक्खियं सुकयं ।
इह भरह चक्कवट्टी पसन्नचंदो य दिट्ठंता ॥२०॥

બીજા લોકોને ઘણું જણાવવાથી શું ? પુણ્ય આત્મસાક્ષીએ જ કરવું યોગ્ય છે. અહીં ભરત ચક્રવર્તી અને પ્રસન્નચંદ્ર રાજા દૃષ્ટાંત રૂપ છે.

૧૬ धम्मं रक्खइ वेसो, संकइ वेसेण दिक्खिओमि अहं।
उम्मग्गेण पडंतं, रक्खइ राया जणवउ व्व ॥२२॥

છતાં વેશ ધર્મને રક્ષે છે. 'હું દીક્ષિત છું' એવા વિચારથી ઉન્માર્ગે પડતાને વેશ અટકાવે છે, જેમ રાજા લોકને અટકાવે છે.

૧૭ अप्पा जाणइ अप्पा, जहट्ठिओ अप्पसक्खिओ धम्मो।
अप्पा करेइ तं तह, जह अप्पसुहावहं होइ ॥२३॥

પોતે શુભ ભાવમાં છે કે અશુદ્ધ ભાવમાં રહ્યો છે એ આત્મા પોતે જ જાણે છે. ધર્મ આત્મસાક્ષિક છે. આત્માને જેમ સુખકર થાય તેમ જ તે (ધર્મ) વિવેકી આત્મા કરે.

૧૮ जं जं समयं जीवो, आविस्सइ जेण जेण भावेण।
सो तम्मि तम्मि समए, सुहासुहं बंधए कम्मं ॥ २४॥

જે-જે સમયે જીવ જે-જે ભાવમાં વર્તે તે જીવ તે-તે સમયે સારાં અથવા ખરાબ કર્મો બાંધે.

૧૯ धम्मो मएण हुंतो, तो नवि सीउण्हवायविज्झडिओ।
संवच्छरमणसिओ, बाहुबली तह किलिस्संतो ॥ २५॥

જો અહંકારથી ધર્મ થતો હોત તો બાહુબલિ ટાઢ, તાપ અને વાયુનાં કષ્ટ વેઠતાં એક વર્ષ સુધી અણાહારી રહ્યા તે દુઃખ ન પામત.

२० नियगमइविगप्पिय-चिंतिएण, सच्छंदबुद्धिरइएण।
कत्तो पारत्तहियं, कीरइ गुरु अणुवएसेण ॥ २६॥

જેણે પોતાની જ બુદ્ધિના સંકલ્પથી વિચાર્યું છે અને જેણે સ્વેચ્છાએ આચરણ કર્યું છે એવો શિષ્ય ગુરુનો ઉપદેશ ટાળીને પરલોકહિત કેવી રીતે કરે?

२१ थोवेण वि सप्पुरिसा, सणंकुमारु व्व केइ बुज्झंति।
देहे खणपरिहाणी, जं किर देवेहिं से कहियं ॥२८॥

કેટલાક સત્પુરુષો સનત્કુમાર ચક્રવર્તીની જેમ થોડામાં પણ બોધ પામે છે; જેમકે 'દેહના વિષયમાં ક્ષણે ક્ષણે હાનિ થાય છે' એમ દેવતાએ તેમને કહ્યું.

२२ जइ ता लवसत्तमसुर विमाणवासी वि परिवडंति सुरा।
चिंतिज्जंतं सेसं, संसारे सासयं कयरं ॥ २९॥

લવસત્તમ વિમાનવાસી - પંચમ અનુત્તરવાસી દેવને પણ જ્યારે ચ્યવવું પડે છે ત્યારે વિચારતાં લાગે છે કે સંસારમાં શું શાશ્વત છે ?

२३ कह तं भण्णइ सुक्खं, सुचिरेण वि जस्स दुक्खमल्लियइ।
जं च मरणावसाणे, भवसंसाराणुबंधिं च ॥ ३०॥

તેને સુખ જ કેમ કહેવાય જે સુખ લાંબા કાળે પણ દુ:ખમાં પરિણમે અને જે સુખ મરણ પછી સંસારમાં ભટકવાનું કારણ બને ?

२४ उवएससहस्सेहिं वि, बोहिज्जंतो न बुज्झई कोइ ।
जह बंभदत्त राया, उदाइनिवमारओ चेव ॥ ३१॥

બ્રહ્મદત્ત ચક્રવર્તી અને ઉદાયિ રાજાના મારણહારની જેમ કોઈક જીવ હજારો ઉપદેશોથી બોધ કરાતાં છતાં પ્રતિબોધ ન પામે.

२५ गयकन्नचंचलाए, अपरिचत्ताए रायलच्छीए ।
जीवा सकम्म कलिमल-भरिअभरा तो पडंति अहे ॥३२॥

હાથીના કાનના જેવી ચંચળ રાજ્યલક્ષ્મી જો ન ત્યજી તો જીવ પોતાના કર્મ રૂપી કચરાથી ભારે થઈને નરકમાં પડે છે.

२६ बुत्तूण वि जीवाणं सुदुक्कराइंति पावचरिआइं।
भयवं जा सा सा सा, पच्चाएसो हु इणमो ते ॥३३॥

જીવનાં આચરેલાં કેટલાંક પાપ એવાં છે જે બોલી પણ ન શકાય. જેમકે કોઈ એક ભીલે શ્રી મહાવીર પ્રભુને પૂછ્યું ‘હે ભગવન્ જે તે તે તે (જાસાસાસા)?” ત્યારે ભગવાન કહે છે ‘જે તારા ચિત્તમાં છે તે જ ઉત્તર તને છે’ (કેમકે પાપ પ્રગટપણે બોલી શકાય એવું નહોતું)

२७ पडिवज्जिऊण दोसे, नियए सम्मं च पायवडियाए।
तो किर मिगावईए, उप्पन्नं केवलं नाणं ॥३४॥

સાચી રીતે પોતાનો દોષ સ્વીકારીને, ચંદનબાળાને પગે પડતાં મૃગાવતીને કેવળજ્ઞાન ઊપજ્યું.

२८ किं सक्का वुत्तुं जे, सराग धम्मंमि कोइ अकसाओ ।
जो पुण धरिज्ज धणिअं, दुव्वयणुज्जालिए स मुणी ॥३५॥

હવેના સમયમાં ધર્મમાં સરાગ (ધર્માનુરાગી) કોઈ જીવ કષાયરહિત છે એમ તો કેવી રીતે કહી શકાય? તો પણ જે બીજાઓનાં ઘણાં દુવર્ચનોથી પ્રજ્વલિત કરાયેલા કષાયોને ઉપશમાવે છે તેને સાચા મુનિ જાણવા.

२९ कडुअकसायतरूणं, पुप्फं च फलं च दोवि विरसाइं।
पुप्फेण झायइ कुविओ फलेण पावं समायरइ ॥३६॥

કટુ કષાયરૂપી વૃક્ષનાં ફૂલ-ફળ બન્ને વિરસ - કડવાં છે. ગુસ્સે થઈને બીજાનું ભૂંડું ચિંતવે તે ફૂલ અને પાપાચરણ કરે તે (કષાયનાં) ફળ.

३० संते वि कोवि उज्झइ, कोवि असंते वि अहिल सइ भोए।
चयइ परपच्चएण वि पभवो दट्ठूण जह जंबुं ॥ ३७॥

કોઈ છતા ભોગને પણ ત્યજે અને કોઈ અછતાંની પણ વાંછના કરે, કોઈ અન્યના દૃષ્ટાંતથી (ભોગ) ત્યજે; જેમ જંબૂસ્વામીને ભોગ ત્યજતા દેખી પ્રભવ ચોરે (ભોગ) ત્યજ્યાં.

३१ दीसंति परमघोरा वि पवरधम्मप्पभावपडिबुद्धा ।
जह सो चिलइपुत्तो पडिबुद्धो सुंसुमाणाए ॥३८॥

અતિ રૌદ્ર જીવ શ્રેષ્ઠ ધર્મને પ્રભાવે પ્રતિબોધ પામેલો જણાય છે; જેમ તે ચિલાતીપુત્ર સુંસુમાના દૃષ્ટાંતમાં પ્રતિબોધ પામ્યો.

૩૨ पुप्फिअफलिए तह पिउघरंमि तण्हाछुहा समणुबद्धा।
ढंढेण तहा विसढा विसढा जह सफलया जाया ॥३९॥

પિતા શ્રી કૃષ્ણનું ઘર ફળ્યું-ફૂલ્યું (સમૃદ્ધ) હોવા છતાં, ઢંઢણકુમારે ભૂખતરસને માયારહિતપણે નિરંતર એવી સહન કરી જે સફળ થઈ.

૩૩ आहारेसु सुहेसु अ, रम्मावसहेसु काणणेसु च ।
साहूण नाहिगारो, अहिगारो धम्मकज्जेसु ॥४०॥

રૂડા આહારના વિષયમાં ને રૂડા વનના વિષયમાં મહાત્માને (આસક્તિનો) અધિકાર નથી; ધર્મકાર્યના વિષયમાં જ તેમનો અધિકાર છે.

૩૪ जंतेहिं पीलिया वि हु, खंदगसीसा न चेव परिकुविआ।
विइअपरमत्थसारा खमंति जे पंडिआ हुंति ॥ ४२॥

સ્કંદકસૂરિના શિષ્યો ઘાણીમાં પિલાયા છતાં ગુસ્સે થયાં નહીં, મોક્ષપદાર્થનું કારણ - રહસ્ય ક્ષમા છે એમ જાણીને જે સહન કરે છે તે સાચા જ્ઞાની - પંડિત છે.

૩૫ जिणवयणसुइसकण्णा, अवगयसंसारघोरपायाला।
बालाण खमंति जई, जइ त्ति किं इत्थ अच्छेरं ॥४३॥

વીતરાગનાં વચન સાંભળનારા સાવધ કાન જેમના છે તથા સંસારનું પરિણામ ભયંકર છે એમ વિચારનારા સાધુઓ આ પ્રકારે મૂર્ખ જનોના કરેલા ઉપદ્રવો સહન કરે એમાં શું આશ્ચર્ય!

३६ न कुलं इत्थ पहाणं, हरिएसबलस्स किं कुलं आसि।
आकंपिआ तवेणं, सुरा वि जं पज्जुवासंति ॥ ४४॥

અહીં ધર્મના વિચારમાં કુલ મહત્ત્વનું નથી. હરિકેશબલ માતંગ ઋષિનું કુળ શું ઊંચું હતું ? પણ તપથી આવર્જિત દેવો પણ તેમની સેવા કરતા હતા.

३७ देवो नेरइउत्ति अ, कीडपयंगु त्ति माणुसो वेसो।
रूवस्सी य विरूवो सुहभागी दुक्खभागी य ॥ ४५॥

३८ राउत्तिय दमगुत्ति अ, एस सपागु त्ति एस वेयविऊ।
सामीदासो पुज्जो खलु त्ति अधणो धणवइ त्ति ॥४६॥

એક જ જીવ દેવ પણ થાય છે ને નારકી પણ થાય છે. કીડા-કૃમિ પણ થાય અને પતંગિયા વગેરે તિર્યંચપણું પણ પામે. એ જ જીવ મનુષ્ય પણ થાય. રૂપવાન અને કદરૂપ, સુખી અને દુઃખી રાજા અને રંક બને. એ જ જીવ ચાંડાલ અને વેદોનો જ્ઞાતા બ્રાહ્મણ પણ બને. ઘરનો માલિક બને અને દાસ પણ બને. પૂજ્ય અને નિંદ્ય પણ થાય. નિર્ધન અને ધનવાન પણ થાય.

३९ न वि इत्थ कोइ नियमो, सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो।
अन्नन्नरूववेसो, नडु व्व परिअत्तए जीवो ॥४७॥

આ સંસારમાં કશું જ નિશ્ચિત નથી. પોતાના કર્મની રચના અનુસાર જે ચેષ્ટા (વર્તન) કરે છે અને નવાનવા જેમનાં રૂપ-વેશ છે એવો જીવ નટવાની જેમ ભમ્યા કરે છે.

४० कोडीसएहिं धणसंचयस्स, गुणसुभरि[ या ]ए कण्णाए।
नवि लद्धो वयररिसी, अलोभया एस साहूणं ॥ ४८॥

વયરસ્વામી સેંકડો ક્રોડની ધનરાશિ સહિત ગુણિયલ કન્યાના વિષયમાં લોભ ન પામ્યા. અન્ય સાધુઓએ આવું નિર્લોભીપણું રાખવું.

४१ अंतेउरपुरबलवाहणेहिं, वरसिरिघरेहिं मुणिवसहा।
कामेहिं बहुविहेहिं य, छंदिज्जंता वि नेच्छंति ॥४९॥

ઉત્તમ મુનિઓ અંતઃપુર, નગર, લશ્કર, વાહન, દ્રવ્યભંડાર એમ અનેક પ્રકારના કામભોગથી નિમંત્રિત થતા હોવા છતાં આટલી વસ્તુઓ ઇચ્છતા જ નથી.

४२ दोससयमूलजालं, पुव्वरिसिविवज्जिअं जई वंतं।
अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवं चरसि ॥५१॥

ધન જે સેંકડો દોષોનું મૂળ જાળ છે એને પૂર્વ ઋષીશ્વરોએ ત્યજ્યું અને જે અનર્થનું કારણ છે એને વમી નાખ્યું, એને હે શિષ્ય, જો તું ધારણ કરે તો પછી નિરર્થક તપ શાને આચરે છે?

४३ सपरक्कमराउलवाइएण, सीसे पलीविए नियए ।
गयसुकुमालेण खमा, तहा कया जह सिवं पत्तो ॥५५॥

પરાક્રમ સહિત, રાજકુળમાં ઊછરેલા ગજસુકુમાલે પોતાના મસ્તક ઉપર સળગતા અંગારા હોવા છતાં એવી ક્ષમા કરી જેથી તેઓ મોક્ષે પહોંચ્યા.

૪૪ रायकुलेसु वि जाया, भीया जरमरणगब्भवसहीणं।
साहू सहंति सव्वं नीयाण वि पेसपेसाणं ॥ ५६॥

રાજકુલમાં જન્મેલા પરંતુ જરામરણ અને ગર્ભવાસથી ડરેલા સાધુઓ નીચ દાસના દાસોનું પણ સર્વ સહન કરે છે.

૪૫ ते धन्ना ते साहु तेसिं नमो जे अकज्जपडिविरया।
धीरा वयमसिहारं,चरंति जह थूलभद्द मुणी ॥ ५९॥

તેઓ ધન્ય છે, તેઓ સાધુપુરુષ છે, તેમને નમસ્કાર હો! કે જે ધીર સાધુઓ અકાર્યમાંથી પાછા વળીને શ્રી સ્થૂલભદ્ર મુનિની જેમ ખડ્ગની ધાર સમાન વ્રત આચરે છે.

૪૬ जो कुणइ अप्पमाणं, गुरुवयणं जो न लहेइ उवएसं।
सो पच्छा तह सोयइ, उवकोसघरे जह तवस्सी ॥ ६१॥

જે ગુરુનું વચન માનતો નથી અને જે ગુરુનો ઉપદેશ સ્વીકારતો નથી તે ઉપકોશાને ઘેર ગયેલા (સિંહગુફાવાસી) તપસ્વીની જેમ પાછળથી ખેદ પામે છે.

૪૭ जिट्ठव्वयपव्वयभर-समुव्वहणववसिअस्स अच्चंतं ।
जुवइजणसंवइअरे, जइत्तणं उभयओ भट्ठं ॥ ६२॥

મોટા વ્રત રૂપી પર્વતનો ભાર ઉપાડવા માટે અત્યંત ઉદ્યમશીલ સિંહગુફાવાસી મુનિને સ્ત્રીજનના મેળાપથી સાધુપણું બન્ને પ્રકારે ગયું. ત્યારે દેશવિરતિ (ગૃહસ્થપણું) પણ નહીં અને સર્વવિરતિ (સાધુપણું) પણ નહીં.

૪૮ जइ ठाणी जइ मोणी जइ मुंडी वक्कली तवस्सी वा।
पत्थिंतो अ अबंभं, बंभावि न रोयए मज्झ ॥ ६३॥

જો (સાધુ) કાઉસ્સગ્ગ કરે, મૌન ધરે, માથું મૂંડાવે, વલ્કલ પહેરે, તપ કરે પણ જો તે મૈથુનની ઈચ્છા કરે તો તે (સાધુ) બ્રહ્મા હોય તોયે મને ન ગમે.

૪૯ तो पढियं तो गुणियं तो मुणियं तो [ अ ] चेइओ अप्पा।
आवडियपिल्लियामंतिओ वि, जइ न कुणइ अकज्जं॥ ६४॥

શાસ્ત્રોનું ભણવું-ગણવું તો પ્રમાણ, આત્માને ઓળખ્યો તો પ્રમાણ જો તે ખરાબ સંસર્ગમાં પડ્યો હોય, પ્રેરાયો હોય કે (અકૃત્ય માટે) વિનવણી કરાઈ હોય તો પણ અકૃત્ય ન આચરે.

૫૦ पागडियसव्वसल्लो, गुरुपा[ य ] मूलम्मि लहइ साहु पयं।
अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिआ ठाइ ॥ ६५॥

ગુરુના ચરણ આગળ સઘળાં શલ્યરૂપ પાપ પ્રગટ કરતો (મુનિ) ખરું મહાત્માપણું પામે છે. અશુદ્ધિના સ્વામીને ગુણની શ્રેણિ વધતી નથી, તેટલી જ રહે છે.

૫૧ जइ दुक्करदुक्करकारओत्ति, भणिओ जहट्ठिओ साहू।
तो कीस अज्जसंभूअविजयसीसेहिं नवि खमिअं ॥ ६६॥

જો ગુરુએ 'દુષ્કર દુષ્કરના કરનાર' એમ સાચા મહાત્મા સ્થૂલભદ્રને કહ્યા તો આર્ય સંભૂતિવિજયના શિષ્ય (સિંહગુફાવાસી વ.) કેમ સાંખી શક્યા નહીં ?

૫૨ जइ ताव सव्वओ सुंदरोत्ति, कम्माण उवसमेण जई।
धम्मं वियाणमाणो, इअरो किं मच्छरं वहइ ॥६७॥

જો કોઈ (સ્થૂલભદ્ર) કર્મોના ઉપશમને લઈને સદા-ચારી બનતાં ઉત્તમ તરીકે લોકોમાં પ્રશંસા પામ્યા તો બીજા (સિંહગુફાવાસી) ધર્મ જાણતાં છતાં મત્સર કેમ કરે છે ?

૫૩ अइसुट्ठिओ त्ति गुणसमुइओ त्ति, जो न सहइ जइपसंसं।
सो परिहाइ परभवे, जहा महापीढ पीढरिसी ॥ ६८॥

'અપાર ચારિત્રના વિષયમાં એ દૃઢ ગુણોથી ભરેલા છે' આવી સાધુની પ્રશંસા જે સાંખી શકે નહીં તે પરભવમાં મહાપીઠ અને પીઠ ઋષિની જેમ હલકા - હીન બને છે.

૫૪ विग्गहविवायरुइणो, कुलगणसंघेण बाहिरकयस्स।
नत्थि किर देवलोए वि, देवसमिईसु अवगासो ॥ ७०॥

લડાઈ - વિવાદ ઉપર જેને અભિલાષા છે તેમજ ચંદ્રાદિક સાધુસમુદાયે અને ચતુર્વિધ સંઘે જેને બહાર કાઢ્યો છે એવાને દેવલોકમાં દેવસભામાં પ્રવેશ નથી. તે મરીને કિલ્બિષિયા દેવ થાય છે.

૫૫ सट्ठु वि उज्जममाणं, पंचेव करंति रित्तयं समणं।
अप्पथुई परनिंदा जिब्भोवत्था कसाया य ॥ ७२॥

અતિશય (તપક્રિયાનો) ઉદ્યમ કરતા મહાત્માને પણ આ પાંચ બાબતો વ્યર્થ કરે. ૧. આત્મસ્તુતિ, ૨. પરનિંદા, ૩. જીભ, ૪. સ્પર્શનેન્દ્રિય, મૈથુન ૫. કષાય.

૫૬ परपरिवायमईओ, दूसइ वयणेहिं जेहिं जेहिं परं ।
ते ते पावइ दोसे, परपरिवाई इअ अपिच्छो ॥ ७३॥

અન્યોના દોષ બોલવામાં જેમની મતિ છે તે જે-જે વચનોથી બીજાને દોષ દે છે તે તેવા જ દોષ પરભવમાં પામે છે. એ કારણે બીજાનું કૂડું બોલનાર જોવાને પણ યોગ્ય નથી.

૫૭ थद्धा छिद्दप्पेही, अवण्णवाई सयंमई चवला ।
वंका कोहणसीला, सीसा उव्वेयगा गुरुणो ॥ ७४॥

અક્કડ - ગુરુને નહીં નમનાર, ગુરુનાં છિદ્રો જોનાર, ગુરુના દોષ બોલનાર, પોતાની બુદ્ધિએ ચાલનાર, અસ્થિર, વાંકા, રિસાળ એવા શિષ્ય ગુરુને ઉદ્વેગનું કારણ બને.

૫૮ जस्स गुरुम्मि न भत्ती न य बहु माणो न गउरवं न भयं ।
नवि लज्जा नवि नेहो, गुरुकुलवासेण किं तस्स ॥ ७५॥

જે શિષ્યને ગુરુ ઉપર ભક્તિ-સેવાભાવ ન હોય અને અંતરંગ પ્રીતિ ન હોય, એ (ગુરુ) પૂજ્ય છે એવું ગૌરવ ન હોય, ભય, લાજ કે સ્નેહ ન હોય તેને ગુરુકુલવાસથી શું?

૫૯ रूसइ चोइज्जंतो, वहइ हियएण अणुसयं भणिओ।
न य कम्मि करणिज्जे, गुरुस्स आलो न सो सीसो ॥ ७६॥

શિખામણ આપતાં રિસાય, વાર્યા હોય તોયે હૃદયમાં ક્રોધ ધરે, કાંઈ કામ કરે નહીં તેવો (સાધુ) ગુરુને માટે આળ-અનર્થરૂપ છે, પણ શિષ્ય તો નહીં જ.

૬૦ उव्विल्लणसूअणपरिभवेहिं, अइभणिअदुट्ठुभणिएहिं।
सत्ताहिआ सुविहिआ, न चेव भिंदंति मुहरागं ॥ ७७॥

સત્ત્વમાં અગ્રેસર એવા સદાચારી મુનિઓ કોઈ દોષ પ્રગટ કરીને લજવે, કોઈ ચાડી કરીને દોષ કહે, કોઈ અવગણના કરે, કોઈ વધુ પડતું કહે, કોઈ દુષ્ટ-કર્કશ વચન કહે, તોપણ મોં બગાડતા નથી, કાળમુખા થતા નથી.

૬૧ माणंसिणोवि अवमाणवंचणा ते परस्स न करिंति।
सुहदुक्खुग्गिरणत्थं, साहू उयहिव्व गंभीरा ॥ ७८॥

જે માનવંતા અને સમુદ્રની પેઠે ગંભીર છે. તેવા સાધુઓ સુખદુ:ખના કારણરૂપ પુણ્યપાપના ક્ષયને અર્થે બીજાનાં અપમાન અને ઠગાઈ કરતા નથી.

૬૨ महुरं निउणं थोवं, कज्जावडिअं अगव्विअमतुच्छं।
पुव्विं मइसंकलिअं, भणंति जं धम्मसंजुत्तं ॥ ८०॥

સાધુ, મધુર, ડાહ્યું, કામ, પૂરતું, અંહકારરહિત, તોછડાઈ વિનાનું, પહેલાં બુદ્ધિથી વિચારીને જે ધર્મયુક્ત છે એવું જ બોલે.

૬૩ सट्ठिं वाससहस्सा, तिसत्तखुत्तोदएण धोएण।
अणुचिन्नं तामलिणा अण्णाणतवु त्ति अप्पफलो ॥८१॥

તામલિ તાપસે એકવીસ વાર પાણીથી ધોયેલો આહાર લઈને સાઠ હજાર વર્ષ તપ કર્યું, પણ અજ્ઞાન તપ હોઈને એ અલ્પફળ જ થયું.

૬૪ एगदिवसं पि जीवो, पवज्जमुवागओ अनन्नमणो।
जइवि न पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ॥९०॥

એકાગ્ર મનવાળો જીવ એક જ દિવસની દીક્ષા પામેલો હોય તોપણ મોક્ષ પામે, પણ જો મોક્ષ ન પામે તો પણ નિશ્ચિતપણે વૈમાનિક દેવ થાય.

૬૫ सीसावेढेण सिरम्मि वेढिए, निग्गयाणि अच्छीणि ।
मेयज्जस्स भगवओ, न य सो मणसा वि परिकुविओ।९१

મસ્તક નીલા વાધ્રથી વીંટવામાં આવતાં મેતાર્ય ભગવંતની આંખો બહાર નીકળી પડી તો પણ તે ઋષીશ્વર મનથી પણ ગુસ્સે ન થયા.

૬૬ जो चंदणेण बाहुं, आलिंपइ वासिणा वि तच्छेइ।
संथुणइ जो अ निंदइ, महरिसिणो तत्थ समभावा ॥९२॥

કોઈ ચંદનથી મહાત્માનો હાથ વિલેપિત કરે અને કોઈ વાંસલાથી છેદી નાખે, કોઈ સ્તુતિ કરે, કોઈ નિંદા કરે, પણ મહાઋષીશ્વર તે સઘળા ઉપર સમભાવવાળા જ હોય.

૬૭ सीहगिरिसुसीसाणं, भद्दं गुरुवयणसद्दहंताणं ।
वयरो किर दाही, वायणत्ति न विकोवियं वयणं ।९३।

ગુરુવચનમાં શ્રદ્ધા રાખતા સિંહગિરિના ઉત્તમ શિષ્યોનું કલ્યાણ થયું. 'શિષ્ય વયરસ્વામી વાચના આપશે' એવા ગુરુના વચન અંગે તેમણે કાંઈ વિચાર્યું નહીં, આદર જ કર્યો.

૬૮ भिण गोणसंगुलीहिं, गणेहि वा दंतचक्कलाइं से ।
इच्छंति भाणिऊणं, कज्जं तु त एव जाणंति ॥९४॥

'આંગળીઓથી સાપને માપ અથવા એ સાપની દંતાવલિ ગણ' એવા ગુરુના વચન પ્રતિ 'ઇચ્છંતિ' એમ કહી શિષ્યે તે કાર્ય તત્કાલ કરવું જ. એ વચનની યોગ્યતા-અયોગ્યતા ગુરુ જ જાણે.

૬૯ कारणविऊ कयाई, सेयं कायं वयंति आयरिआ ।
तं तह सद्दहिअव्वं, भवियव्वं कारणेण तहिं ॥९५॥

કારણના જાણનાર ગુરુ ક્યારેક કાળા કાગડાને ધોળો કહે છે. શિષ્યે તે વચનને તેમ જ શ્રદ્ધાથી સ્વીકારવું. એમ કહેવામાં પણ કાંઈ કારણ હશે એમ ચિંતવવું.

૭૦ जो गिण्हइ गुरुवयणं, भण्णंतं भावओ विसुद्धमणो।
ओसहमिव पिज्जंतं, तं तस्स सुहावहं होइ ॥९६॥

જે ભાવપૂર્વક નિર્મળચિત્ત થઈને ગુરુનું વચન સ્વીકારે છે તેને તે ગુરુવચન ઔષધની પેઠે પી જતાં સુખનું કારણ બને છે.

૭૧ अणुवत्तगा विणीया बहुक्खमा निच्चभत्तिमंता य ।
गुरुकुलवासी अमुई, धन्ना सीसा इअ सुसीला ॥९७॥

ગુરુની અનુવર્તના કરે, અનુકૂળ રહે, વિનીત હોય, અત્યંત ક્ષમાશીલ હોય, ગુરુ પ્રત્યે ભક્તિવંત હોય, ગચ્છવાસમાં જ રહે, ગુરુનો સંગ ન મૂકે અને સુશીલ હોય એવા શિષ્યને ધન્ય છે.

૭૨ जीवंतस्स इह जसो, कित्तीय मयस्स परभवे धम्मो।
सुगुणस्स निग्गुणस्स य, अयसो [ अ ] कित्ती अहम्मो य ॥९८॥

ગુણવાન શિષ્યને જીવતાં ઈહલોકમાં જશ મળે છે ને મર્યા પછી કીર્તિ મળે છે, પરલોકમાં ધર્મ અને સુગતિ થાય છે; જ્યારે નિર્ગુણ શિષ્યને જીવતાં અપજશ અને મર્યા પછી અપકીર્તિ મળે છે અને (પરલોકમાં) અધર્મ અને દુર્ગતિ થાય છે.

૭૩ आयरियभत्तिरागो, कस्स सुनक्खत्त महरिसीसरिसो ।
अवि जीवियं ववसिअं न चेव गुरुपरिभिवो सहिओ ।१००

સુનક્ષત્ર મહાઋષિના સરખો ગુરુ ઉપરનો અંતરંગ સ્નેહ કોનો હોય! જેમણે જીવન ત્યજી દીધું પણ ગુરુનો પરાભવ તિરસ્કાર સહન ન કર્યો.

૭૪ बहुसुक्ख सयसहस्साण, दायगा मोयगा दुहसयाणं ।
आयरिया फुडमेयं केसिपएसी य ते हेऊ ॥ १०२॥

ગુરુ ઘણાંબધાં લાખો સુખોના આપનારા અને સેંકડો દુઃખોથી ઉગારનારા છે એ નિઃસંદેહ છે. એ માટે ગુરુ કેશી ગણધર અને શિષ્ય પ્રદેશી રાજા એ બન્ને દૃષ્ટાંત છે.

૭૫ नरयगइगमणपडिहत्थए कए तह पएसिणा रन्ना ।
अमरविमाणं पत्तं, तं आयरिअप्पभावेणं ॥ १०३॥

પ્રદેશી રાજાએ નરકગતિમાં જવા યોગ્ય કર્મ કર્યું હતું તે છતાં દેવનું વિમાન પામ્યા તે ગુરુના પ્રભાવથી.

७६ धम्मम्मएहिं अइसुंदरेहिं, कारणगुणोवणीएहिं ।
पल्हायंतो व्व मणं, सीसं चोएइ आयरिओ ॥१०४॥

ધર્મમય, અત્યંત સુંદર, પ્રયોજનયુક્ત અને ગુણ સહિતનાં વચનોથી શિષ્યના મનને ભીંજવતા - આહ્‌લાદક કરતા ગુરુ શિષ્યને શિખામણ આપે છે.

७७ अप्पहियमायरंतो, अणुमोयंतो अ सुग्गइं लहइ ।
रहकारदाण अणुमोयगो, मिगो जह य बलदेवो । १०८

આત્મહિત આચરનાર-તપસંયમ સેવનાર અને દાન-બહુમાન આદિથી તે આત્મહિત આચરનારની પ્રશંસા (અનુમોદના) કરતો જીવ સુગતિ પામે છે; જેમ [રથકાર], રથકારના દાનના પ્રશંસક હરિણલો અને બળદેવ - એ ત્રણેય પાંચમા દેવલોકે ગયા.

७८ जं तं कयं पुरा पूरणेण, अइदुक्करं चिरं कालं ।
जइ तं दयावरो इह, करिंतो तो सफलयं होंतं ॥१०९॥

પૂર્વે પૂરણ શ્રેષ્ઠીએ ઘણા કાળ સુધી અતિ દોહ્યલું જે તપ કર્યું તે તપ જો દયાતત્પર થઈને આ જિનશાસનમાં રહીને કર્યું હોય તો સફળ થાત.

७९ कारणनिययावासे, सुट्ठुअरं उज्जमेण जइअव्वं ।
जह ते संगमथेरा,सपाडिहेरा तया आसि ॥ ११०॥

કોઈ કારણે એક જ સ્થાનકે રહેવા છતાં અતિ ઉદ્યમ-પૂર્વક યત્ન કરવો; જેમ તે સ્થવિર સંગમસૂરિ તે કાળે એક જ સ્થાનકે રહેતા છતાં અતિશયવંત થયા.

૮૦ एगंतनिआवासी, घरसरणाईसु जइ ममत्तं पि ।
कह न पडिहंति कलिकलुस-रोसदोसाण आवाए ।।१११

કારણ વિના એક જ ક્ષેત્રમાં રહેનાર, ઘર અને ઘરખૂણાના વિષયમાં 'આ મારું' એવો ભાવ કરનાર સાધુ વઢવાડ, પાપ, ક્રોધ, માન આદિ દોષોના સંમિલનમાં કેમ નહીં પડે?

૮૧ अविकत्तिऊण जीवे, कत्तो घरसरणगुत्तिसंठप्पं ।
अविकत्तिआ य तं तह, पडिया अस्संजयाण पहे ।।११२

જીવની હત્યા કર્યા વિના ઘર અને ઘર વિભાગનું સમરાવવું, વાડદીવાલનું કરવું કેમ બને ? તો આમ વિચારતાં તે છ જીવનિકાયની હત્યા કરીને તો સાધુ અસંયમી (ગૃહસ્થો)ને માર્ગે જ પડ્યા.

૮૨ थेवोवि गिहिपसंगो, जइणो सुद्धस्स पंकमावहइ।
जह सो वारित्तरिसी हसिओ पज्जोयनरवइणा ।।११३।।

નિર્મળ સાધુને ગૃહસ્થનો થોડો પણ પરિચય પાપ લગાડનારો છે; જેમ તે વારિત્ત નામના ઋષીશ્વરની ચંડ-પ્રદ્યોત રાજા વડે હાંસી કરવામાં આવી.

૮૩ सब्भावो वीसंभो नेहो रइवइअरो य जुवइजणे ।
सयणघर-संपसारो, तवसीलवयाइं फेडिज्जा ।।११४।।

સ્ત્રીનું કવેળાએ ઉપાશ્રયમાં આવવું, સ્ત્રી પરનો વિશ્વાસ, સ્ત્રીનો સ્નેહ, સ્ત્રી સાથે રાગપૂર્વક વાત કરવી, સ્ત્રી સાથે સગાં અને ઘર સંબંધી વિચારણા કરવી - એટલી બાબતો સાધુનાં તપ, શીલ અને વ્રતને નષ્ટ કરે છે.

૮૪ जोइसनिमित्तअक्खर, कोउयआएसभूइकम्मेहिं ।
करणाणुमोअणेहिं य, साहुस्स तवक्खओ होइ ॥११५॥

ગ્રહોની વાત, હોરાશાસ્ત્ર, મૂળાક્ષર આદિ વિદ્યા, સ્નાનાદિથી ગ્રહનું સાનુકૂળ કરવું, ભવિષ્યવાણી કરવી, મંત્રેલી રાખ - રાખડી કરવી - આટલી બાબતો કરતાં, કરાવતાં, અનુમોદતાં મહાત્માના તપનો ક્ષય થાય છે.

૮૫ जह जह कीरइ संगो, तह तह पसरो खणे खणे होइ।
थेवो वि होइ बहुओ, न य लहइ धिइं निरुंभंतो ॥११६॥

જેમ જેમ જ્યોતિષ આદિનો સંબંધ કરે તેમ તેમ ક્ષણે ક્ષણે અધિક પ્રવૃત્તિ થાય છે. થોડો પણ સંગ-દોષ વધીને ઘણો થાય છે. પછી તે સંગદોષનો કરનાર ગુરુ દ્વારા અટકાવતાં છતાં સ્વસ્થતા-સમાધિ પામતો નથી.

૮૬ जो चयइ उत्तरगुणे, मूलगुणे वि अचिरेण सो चयइ ।
जह जह कुणइ पमायं, पिल्लिज्जइ तह कसाएहिं ॥११७॥

જે સાધુ આહારશુદ્ધિ આદિ ઉત્તરગુણ ત્યજે છે તે થોડા જ સમયમાં મહાવ્રત આદિ મૂલગુણ પણ ત્યજે છે. જેમ જેમ પ્રમાદ કરે છે તેમ તેમ કષાયે કરીને ગુણથી ચૂકે છે.

૮૭ जो निच्छएण गिण्हइ देहच्चाए वि न य धिइं मुयइ।
सो साहेइ सकज्जं जह चंदवडिंसओ राया ॥११८॥

જે દઢપણે ધર્માનુષ્ઠાન સ્વીકારે છે, શરીરનો નાશ થવા છતાં દઢતા મૂકતો નથી તે પોતાનું કાર્ય સિદ્ધ કરે છે; જેમ ચંદ્રાવતંસક રાજાએ સિદ્ધ કર્યું.

૮૮ सीउण्हखुप्पिवासं दुस्सिज्जपरीसहं किलेसं च ।
जो सहइ तस्स धम्मो, जो धिइमं सोतवं चरइ ॥११९॥

ટાઢ, તાપ, ભૂખ, તરસ, ખાબડખૂબડ ભોંયવાળો ઉપાશ્રય, પરીષહ, ક્લેશ, ઉપસર્ગ - આટલાં વાનાં જે સહન કરે છે તેને જ ધર્મ છે અને જે નિશ્ચલ ચિત્તવાળા છે તે જ તપ આચરે છે.

૮૯ धम्ममिणं जाणंता गिहिणो वि दढव्वया किमुअ साहू।
कमलामेलाहरणे, सागरचंदेण इत्थुवमा ॥ १२०॥

વીતરાગનો ધર્મ જાણતા ગૃહસ્થ પણ જો ધર્મના વિષયમાં દૃઢ હોય છે તો મહાત્માનું તો કહેવું જ શું ? આ અધિકારમાં કમલામેલાનું અપહરણ કરનાર સાગરચંદ્રનું દૃષ્ટાંત છે.

૯૦ देवेहिं कामदेवो गिही वि, न वि चालिओ तव गुणेहिं।
मत्तगइंदभूअंग [म] रक्खसघोरट्टहासेहिं ॥१२१॥

કામદેવ શ્રાવક ગૃહસ્થ હોવા છતાં દેવ પણ માતેલો હાથી, સાપ, રાક્ષસનું રૌદ્ર અટ્ટહાસ્ય - એવા ઉપસર્ગો દ્વારા તપના ગુણમાંથી એમને ચળાવી ન શક્યા.

૯૧ भोगे अभुंजमाणा वि, केइ मोहा पडंति अहरगइं।
कुविओ आहारत्थी, जत्ताइ-जणस्स दमगु व्व ॥१२२॥

કેટલાક અવિવેકી જીવ વિષય પ્રાપ્ત કર્યા વિના જ અજ્ઞાનતાથી નરકગતિમાં પડે છે, જેમકે ઉજાણીમાં લોક ઉપર ગુસ્સે થયેલા આહારની ઈચ્છા કરનારા રાંક (ભિક્ષુક)ની પેઠે.

१२ भवसयसहस्स-दुलहे, जाइजरामरणसागरुत्तारे ।
जिणवयणंमि गुणागर खणमवि मा काहिसि पमायं । १२३

ભવ્ય જીવો પ્રત્યે ગુરુ કહે છે, 'હે જ્ઞાનાદિક ગુણના ભંડાર! લાખો ભવેય દુષ્પ્રાપ્ય અને જન્મજરામરણ રૂપી સમુદ્રમાંથી પાર ઉતારનાર વીતરાગના વચનને વિશે ક્ષણ પણ પ્રમાદ ન કરીશ.'

१३ जं न लहइ सम्मतं, लद्धूण विजं न एइ संवेगं ।
विसयसुहेसु अ रज्जइ, सो दोसो रागदोसाणं ॥ १२४॥

જે જીવ સાચો ધર્મ નથી પામતો, પામીને જે મોક્ષનો અભિલાષ નથી કરતો અને વિષયસુખને વિશે આસક્ત થાય છે તે રાગદ્વેષનું જ દૂષણ છે....

१४ तो बहुगुणनासाणं, सम्मत्तचरित्तगुणविणासाणं।
न हु वसमागंतव्वं, रागद्दोसाण पावाणं ॥१२५॥

..... તે કારણે ઘણા ગુણના નાશકારી અને સમ્યક્ત્વ-ચારિત્રના ગુણના વિનાશક પાપી રાગદ્વેષના વશમાં ન આવવું.

१५ न वि तं कुणइ अमित्तो, सुट्ठुवि सुविराहिओ समत्थो वि।
जं दोवि अणिग्गहीआ करंति रागो य दोसो य ॥१२६॥

ગાઢપણે દુભવેલા સમર્થ શત્રુ પણ જે અનર્થ નથી કરતા તે વણજિતાયેલા રાગ અને દ્વેષ એ બન્ને કરે છે.

૧૬ इह लोए आयासं, अयसं च करंति गुणविणासं च।
पसवंति अ परलोए, सारीरमाणोगए दुक्खे ॥१२७॥

એ રાગદ્વેષ ઈહલોકમાં કષ્ટ અને અપજશ (આપે છે) અને ગુણનો વિનાશ કરે છે; પરલોકમાં શરીરનાં અને મનનાં દુઃખ પેદા કરે છે.

૧૭ धिद्धी अहो अकज्जं, जं जाणंतो वि रागदोसेहिं ।
फलमउलं कडुअरसं, तं चेव निसेवए जीवो ॥१२८॥

નિંદવા યોગ્ય અકાર્ય જે રાગદ્વેષે કરીને અત્યંત કટુ અને ખરાબ રસવિપાક રૂપે એનું ફળ પામે છે આ વાત જીવ જાણતો હોવા છતાં રાગદ્વેષના કારણરૂપ એ જ અકાર્યને સેવે છે. અહો, એવા જીવને ધિક્કાર છે.

૧૮ को दुक्खं पाविज्जा, कस्स व सुक्खेहिं विम्हिओ हुज्जा।
को व न लभिज्ज मुक्खं, राग दोसा जइ न हुज्जा ॥१२९॥

જો જગમાં રાગદ્વેષ ન હોત તો કોણ દુઃખ પામત? અથવા પરાયા સુખથી કોને આશ્ચર્ય થાત? અથવા કોણ મોક્ષ ન પામત ?

૧૯ माणी गुरुपडिणीओ, अणत्थभरिओ अमग्गयारी अ।
मोहं किलेसजालं,सो खाइ जहेव गोसालो ॥१३०॥

અહંકારી, ગુરુથી, ઊફરો, અનર્થોથી ભરેલો જે(સાધુ) માર્ગમાં નથી ચાલતો તે લોચાદિક (તપ આદિ) કષ્ટ સમૂહને વ્યર્થ કરે છે; ગોસાળાની જેમ.

१०० कलहणकोहणसीलो, भंडणसीलो विवायसीलो य।
जीवो निच्चुज्जलिओ, निरत्थयं संजमं चरइ ॥ १३१॥

બોલીને કલહ કરવો, પોતાની અને બીજા ઉપર ક્રોધ ઉપજાવવો, ઘા કરવો, રાજકુળે જવું-આવવું જેને સહજ છે એવો જીવ સદા રીસથી ભરેલો હોઈ એનું ચારિત્ર નિરર્થક જ પાળે છે.

१०१ जह वणदवो वणं दवदवस्स जलिओ खणेण निद्दहइ।
एवं कसायपरिणओ जीवो तवसंजमं डहइ ॥ १३२॥

જેમ વનનો દાવાનળ પ્રજ્વલિત થતો ઉતાવળો, ઉતાવળો ક્ષણમાત્રમાં વનને બાળે એમ કષાયનો પરિણામ પામેલો જીવ તપ અને ચારિત્રને બાળે છે.

१०२ पत्थरेणाहओ कीवो, पत्थरं डक्कुमिच्छई ।
मिगारिओ सरं पप्प, सरुप्पत्तिं विमग्गई ॥१३९॥

પથ્થરથી પ્રહાર કરાયેલો રાંક કૂતરો પથ્થરને જ ડસવા ઈચ્છે, પણ (પથ્થર) નાંખનારની દરકાર ન કરે; જ્યારે સિંહ બાણ પામીને એ બાણ કોણે નાંખ્યું એમ બાણની ઉત્પત્તિ જોઈને બાણ નાંખનારની સામો જાય છે.

१०३ अणुराएण जइस्स वि सिआयवत्तं पिआ धरावेइ ।
तह वि य खंदकुमारो, न बंधुपासेहिं पडिबद्धो ॥१४१॥

પોતે મહાત્મા થયા પછી સ્કંદકુમારને પિતા કનકકેતુ રાજા સ્નેહથી શ્વેત છત્ર ધરાવે છે તોપણ તે સ્કંદકુમાર મુનિ સગાના સ્નેહપાશથી બંધાયા નહીં.

१०४ गुरु गुरुतरो अ अइगुरु ,पियमाइ अवच्चपिअजणसिणेहो ।
चिंतिज्जमाणगुविलो, चत्तो अइधम्मतिसिएहिं ॥१४२॥

માબાપનો સ્નેહ ગાઢ, તેના કરતાં સંતાનનો સ્નેહ વધુ ગાઢ, તેનાથીયે પત્ની આદિ પ્રિયજનનો સ્નેહ અતિશય ગાઢ - વિચાર કરતાં આ સ્નેહ ગહન છે માટે ધર્મ ઉપરની અતિ તરસથી સાધુઓએ એ સ્નેહ ત્યજ્યો છે.

१०५ माया पिया य भाया, भज्जा पुत्ता सुही अ नियगा य ।
इह चेव बहुविहाइं करंति भयवेमणस्साइं ॥१४४॥

માબાપ, ભાઈ, પત્ની, પુત્ર, મિત્ર, સ્વજન એ ઇહ-લોકમાં જ ઘણો ભય અને મનનાં દુઃખ કરે છે.

१०६ सव्वंगोवंगविगत्तणाओ, जगडणविहेडणाओ य ।
कासी अ रज्जतिसिओ, पुत्ताण पिया कणयकेऊ ।१४६

પિતા કનકકેતુ રાજાએ રાજ્યના વિષયમાં તૃષ્ણા થતાં પુત્રોના સઘળાં અંગોપાંગનું છેદન અને પીડન કર્યું.

१०७ विसयसुहरागवसओ, घोरो भाया वि भायरं हणइ ।
आहाविओ वहत्थं जह बाहुबलिस्स भरहवई ॥१४७॥

વિષયસુખના રાગને વશ થતાં રૌદ્રપણે હથિયાર લઈ ભાઈ ભાઈને મારે છે; જેમ ભરતેશ્વર ચક્રવર્તી ભાઈ બાહુબલિને હણવાને માટે ચક્રરત્ન લઈ દોડી ગયા.

૧૦૮ भज्जा वि इंदिअविगारदोसनडिआ करेइ पइपावं ।
जह सो पएसिराया, सूरिअकंताइ तह वहिओ ॥१४८॥

પત્ની પણ પાંચ ઈન્દ્રિયના વિકારને દોષે પીડાયેલી હોઈને પતિની હત્યાનું પાપ કરે છે; જેમ સૂર્યકાંતા રાણીએ પોતાના પતિ પ્રદેશી રાજાને ઝેર આપીને માર્યો.

૧૦૯ सासयसोक्खतरस्सी, निअअंगसमुब्भवेण पिअपुत्तो ।
जह सो सेणिअराया, कोणिअरण्णा खयं नीओ ॥१४९॥

પોતાના અંગથી ઉત્પન્ન થયેલા કોણિક રાજાએ, ક્ષાયિક સમ્યક્ત્વ માટે મોક્ષસુખના વિષયમાં ઉતાવળો એવો પુત્ર કોણિક જેને વહાલો છે એવા શ્રેણિક રાજાનો વિનાશ કર્યો.

૧૧૦ लुद्धा सकज्जतुरिआ, सुहिणो वि विसंवयंति कयकज्जा।
जह चंदगुत्तगुरुणा, पव्वयओ घाइओ राया ॥१५०॥

લોભી અને પોતાનું કામ કરી લેવાના વિષયમાં ઉતાવળા મિત્ર પોતાનું કામ પત્યે વેરી થાય છે; જેમ ચંદ્રગુપ્ત રાજાના ગુરુ ચાણક્ય મંત્રીએ પોતાના મિત્ર પર્વતક રાજાની હત્યા કરી.

૧૧૧ निअया वि निअयकज्जे, विसंवयंतम्मि हुंति खरफरुसा।
जहरामसुभूमकओ बंभक्खत्तस्स आसि खओ ॥१५१॥

સ્વજન પણ પોતાનું કામ બગડતાં રૌદ્ર કર્મ કરી નિષ્ઠુર અને કઠોર વચન દ્વારા કર્કશ બને છે; જેમ પરશુરામે સાત વાર ક્ષત્રિયોનો ક્ષય કર્યો અને સુભૂમે એકવીસ વાર બ્રાહ્મણોનો ક્ષય કર્યો.

૧૧૨ कुलघरनिअयसुहेसु अ सयणे अ जणे अ निच्च मुणिवसहा।
विहरंति अणिस्साए, जह अज्जमहागिरी भयवं ॥१५२॥

ઉત્તમ મુનિઓ હંમેશાં કુટુંબ, ઘર, પોતાનાં સુખો, સ્વજનો અને જનસામાન્યને વિષયે નિશ્રા વિના વિહાર કરે છે; જેમ ભગવંત શ્રી આર્ય મહાગિરિ વિચર્યા.

૧૧૩ रूवेण जुव्वणेण य कन्नाहिं सुहेहिं घरसिरीए य ।
न य लुब्भंति सुविहिआ, निदरिसणं जंबुनामुत्ति ॥१५३॥

સુવિહિત સાધુ સુંદર રૂપથી, ઉત્કટ યૌવનથી, ગુણવાન કન્યાથી, (ઈહલોકનાં) સુખથી, અને ઘરની સંપત્તિથી લોભાતા નથી. અહીં શ્રી જંબૂસ્વામીનું દૃષ્ટાંત છે.

૧૧૪ उत्तमकुलप्पसूआ, रायकुलवडिंसगा वि मुणिवसहा ।
बहुजणजइसंघट्टं, मेहकुमारु व्व विसहंति ॥ १५४॥

મોટા કુળમાં જન્મેલા અને રાજકુળના મુગટ સમાન એવા ઉત્તમ મહાત્માઓ ઘણા દેશકુળના સાધુ મહાત્મા ઓના સંઘટ્ટનને-પરસ્પર શિક્ષાનું દેવું કે સાંકડા ઉપાશ્રય માંના વાસને મેઘકુમારની જેમ સહન કરે છે.

૧૧૫ अवरुप्परसंबाहं, सुक्खं तुच्छं सरीरपीडा य ।
सारण वारण चोअण गुरुजणआयत्तया य गणे। १५५।

પરસ્પર ઘર્ષણ, સુખ થોડું, ભૂખતરસને લઈને શરીરની પીડા, સારણ (જે કામ કરવાનું છે તેનું સ્મરણ કરાવવું), વારણ (પ્રમોદ કરતાં વારવું), ચોઅણ (મધુર-કઠોર વચનથી શીખ

આપવી), ગુરુજનને વશ રહીને વર્તવું, શ્વાસોચ્છ્વાસ સિવાયનું બીજું કાંઈ કામ ગુરુને પૂછ્યા વિના થાય નહીં - આટલી બાબતો ગચ્છમાં ઘણી કપરી છે.

११६ इक्कस्स कओ धम्मो, सच्छंदगई मईपयारस्स ।
किं वा करेइ इक्को, परिहरउ कहमकज्जं वा ॥ १५६॥

(પણ) એકલાને ધર્મ ક્યાંથી થાય ? પોતાના મનના અભિપ્રાયે ચાલે ને પોતાની બુદ્ધિએ જ વિચારે એવો સાથી વિનાનો એકલો શું ક્રિયા કરે ? અથવા અકર્તવ્યને કેવી રીતે ત્યજે ?

११७ कत्तो सुत्तत्थागम पडिपुच्छणचोअणा व इक्कस्स।
विणओ वेआवच्चं, आराहणया य मरणंते ॥ १५७॥

એકલાને નવાં સૂત્ર-અર્થ પામવાનું, શંકા પડે ત્યારે પૂછવાનું, પ્રમાદ થતાં કોઈનાથી પ્રેરાવાનું, (અન્ય સાધુ પ્રત્યે) વિનય અને (ગ્લાનની) વૈયાવચ્ચ કરવાનું, મરણના અંતકાળે આરાધના કરવાનું ક્યાંથી બને ?

११८ पिल्लिज्जेसणमिक्को, पइण्णपमयाजणाउ निच्चभयं।
काउमणो वि अकज्जं, न तरइ काऊण बहुमज्झे ॥१५८॥

એકલો નિર્દોષ આહાર લેવાનું નિર્ભીક બનીને ઉલ્લંઘન કરે, અશુદ્ધ ગોચરી વહોરે, એકલાને અસતી સ્ત્રીનો ભય (જ્યારે ગચ્છમાં) અકૃત્ય કરવા ઈચ્છતો હોવા છતાં ઘણા સાધુઓના સમુદાયમાં લજ્જાથી પણ એમ કરી ન શકે.

११९ उच्चारपासवणवंत-पित्तमुच्छाइ मोहिओ इक्को ।
सद्दवभा[ य ]णविहत्थो, निक्खिवइ व कुणइ उड्डाहं ।१५९।

સ્થંડિલ, માતરું, ઊલટી કે પિત્તથી થતી મૂર્ચ્છા, વાયુવિકાર, વિશૂચિકા વગેરેથી વિહ્વળ બનેલો એકલો સાધુ પાણીનું પાત્ર હાથમાં લેતાં જો તે પાડી નાંખે તો આત્મ-સંયમની વિરાધના થાય અથવા પાણી વિના સ્થંડિલ આદિ જાય તો શાસનની હીલના કરે.

१२० एगदिवसेण बहुआ, सुहा असुहा य जीवपरिणामा ।
एक्को असुहपरिणओ चइज्ज आलंबणं लद्धुं ॥१६०॥

એક જ દિવસમાં જીવને ઘણા શુભ-અશુભ પરિણામ થાય. હવે એકલો હોયતો અશુભ પરિણામમાં પ્રવર્તમાન થતો તે કાંઈક કારણ કલ્પીને સંયમને ત્યજે.

१२१ सव्वजिणपडिकुट्ठं अणवत्था थेरकप्पभेओ य ।
इक्को हु सुयाउत्तोवि, हणइ तवसंजमं अइरा ॥ १६१॥

સર્વ તીર્થંકરોએ (સાધુના) એકાકીપણાનો નિષેધ કર્યો છે. કેમકે તેને એકાકી જોઈ બીજા જીવો પણ પ્રમાદમાં પડે અને અનવસ્થાનો દોષ સર્જાય અને ગચ્છવાસિતાનો આચાર ભાંગે. સાધુ ગાઢપણે સાવધાન હોય તો પણ એકલવિહારી થતાં થોડા જ સમયમાં તપસંયમને નષ્ટ કરે છે.

१२२ सुतवस्सिआण पूआ-पणाम-सक्कार-विणयकज्जपरो।
बद्धं पि कम्ममसुहं, सिढिलेइ दसारनेआ व ॥ १६५॥

ઉત્તમ ચારિત્રધારી (સાધુઓ)ની વસ્ત્રાદિથી પૂજા, વંદના, ગુણસ્તવના, ઊઠીને સામે જવા આદિનો વિનય - આટલી બાબતોમાં એકમનવાળો જીવ બાંધેલાં અશુભ કાર્યોને શ્રીકૃષ્ણની પેઠે ઢીલાં કરે છે; જેમ કૃષ્ણ મહારાજાએ અઢાર હજાર મહાત્માઓને વંદન કરતાં સાતમી નરકનું કર્મ ટાળીને ત્રીજી નરકનું કર્મ બાંધ્યું અને ક્ષાયિક સમ્યકૃત્વ પ્રાપ્ત કર્યું.

१२३ अभिगमण-वंदण -नमंसणेण, पडिपुच्छणेण साहूणं।
चिरसंचियं पि कम्मं खणेण विरलत्तणमुवेइ ॥ १६६॥

મહાત્માની સામે જવાથી, ગુણની સ્તુતિ કરવાથી, વંદન કરવાથી, શરીર-સ્વાસ્થ્યની પૃચ્છના કરવાથી ઘણા સમયનાં ઉપાર્જેલાં અશુભ કર્મો ક્ષણમાં ઓછા થાય છે.

१२४ केइ सुसीला सुहमाइ, सज्जणा गुरुजणस्स वि सुसीसा।
विउलं जणंति सद्धं, जह सीसो चंडरुद्दस्स ॥ १६७॥

કેટલાક નિર્મળ સ્વભાવવાળા, ધર્મવંત, સર્વ જીવોને અત્યંત પ્રિય એવા ભલા શિષ્યો ગુરુજનને વૈરાગ્ય ઉપજાવે; જેમ નવદીક્ષિત શિષ્યે ચંડરુદ્ર ગુરુને વૈરાગ્ય ઉપજાવ્યો.

१२५ अंगारजीववहगो, कोई कुगुरू सुसीस परिवारो ।
सुमिणे जईहिं दिट्ठो, कोलो गयकलहपरिकिन्नो ॥१६८॥

કોલસાને જીવ માનીને હિંસા કરનાર કોઈ કુગુરુ (અંગારમર્દકાચાર્ય) સુશિષ્યોથી વીંટળાયેલા હતા તે આચાર્યના શિષ્યોએ સ્વપ્નમાં હાથીનાં બચ્ચાંઓથી ડુક્કરને વીંટળાયેલ સ્વરૂપે જોયા.

१२६ सो उग्गभवसमुद्दे, सयंवरमुवागएहिं राएहिं ।
करहोवक्खरभरिओ, दिट्ठो पोराणसीसेहिं ॥ १६९॥

જે પાછલા ભવના શિષ્યો હતા એવા, સ્વયંવરમંડપમાં આવેલા રાજાઓએ એ અંગારમર્દક ગુરુનો જીવ વિષમ સંસારરૂપી સમુદ્રમાં ભમતો, ભારથી ભરેલા અને આરડતા ઊંટ રૂપે થયેલો જોયો.

१२७ संसारवंचणा न वि गणंति संसारसूअरा जीवा ।
सुमिण गएण वि केई, बुज्झंति पुष्फ चूला व्व ॥१७०॥

સંસારરૂપી ખાડામાં પડેલા ભૂંડ - સૂવરના જેવા જીવો આ સંસારમાં પોતે દેવલોક અને મોક્ષસુખથી વંચિત રહ્યા છે એવું વિચારતા નથી અને કેટલાક હળુકર્મી જીવો સ્વપ્નમાંના પ્રતિબોધથી પણ પુષ્પચૂલા રાણીની જેમ બોધ પામે છે.

१२८ जो अविकलं तवं संजमं च, साहू करिज्ज पच्छा वि ।
अन्निअसुअ व्व सो निअग-मट्ठमचिरेण साहेइ ॥१७१॥

જે સાધુ અંતકાળે પણ સંપૂર્ણ તપ-સંયમ સેવે છે તે અર્ણિકા-પુત્રસૂરિની જેમ થોડા સમયમાં પણ પોતાનું કાર્ય સિદ્ધ કરે છે.

१२९ सुहिओ न चयइ भोए, चयइ जहा दुक्खिओ त्ति अलियमिणं।
चिक्कणकम्मोलित्तो न इमो न इमो परिच्चयइ ॥ १७२॥

'જેમ દુઃખિયા જીવો ભોગ ત્યજે છે તેમ સુખિયા જીવો નથી ત્યજતા' એમ કહેવું ખોટું છે. ચીકણાં કર્મોથી લેપાયેલો સુખિયો કે દુઃખિયો એકેય ભોગ નથી ત્યજતો. અહીં (ભોગ ત્યજવાના વિષયમાં) હળુકર્મીપણું જ કારણ છે, સુખદુઃખ નહીં.

१३० जह चयइ चक्कवट्टी, पवित्थरं तत्तिअं मुहुत्तेण ।
न चयइ तहा अहन्नो, दुब्बुद्धी खप्परं दमओ ॥१७३॥

જેમ ચક્રવર્તી આટલો મોટો પરિગ્રહ ક્ષણમાત્રમાં ત્યજે પણ તેમ અભાગી અને કુબુદ્ધિ દ્રમક ભિખારી ભીખ માગવાનું શકોરું પણ છોડી શકે નહિ.

१३१ देहो पिपीलियाहिं, चिलाइपुत्तस्स चालणि व्व कओ।
तणुओ वि मणपओसो, न चालिओ तेण ताणुवरिं ॥१७४॥

કીડીઓએ ચિલાતીપુત્રનો દેહ ચાળણી જેવો કરી મૂક્યો, તોપણ તે ચિલાતીપુત્રે તે કીડીઓ ઉપર થોડો પણ મનનો દ્વેષ ન ચલાવ્યો, ન કર્યો.

१३२ पाणच्चए वि पावं पिपीलियाए वि जे न इच्छंति ।
ते कह जई अपावा, पावाइं करेंति अन्नस्स ॥ १७५॥

જે સાધુ પ્રાણાંતે પણ કીડીનું બૂરું ઈચ્છતા નથી તે નિષ્પાપ સાધુ અન્ય મોટા જીવોનું ખરાબ તો કેમ જ કરે?

१३३ जिणपहअपंडिआणं, पाणहराणं पि पहरमाणाणं।
न करंति य पावाइं, पावस्स फलं विआणंता ॥१७६॥

વીતરાગના માર્ગના અજાણ, જીવના હત્યારા એવા ઘાત કરનારાઓને આવા પાપનું ફલ નરકાદિ છે એમ જાણતા મુનિ એમના પ્રત્યે પણ કાંઈ ખરાબ કરતા નથી.

१३४ वहमारणअब्भक्खाण-दाणपरधणविलोवणाईणं ।
सव्वजहन्नो उदओ दसगुणिओ इक्कसि कयाणं ॥१७७॥

જીવનું તાડન, જીવહત્યા, ખોટું આળ ચઢાવવું, પારકું ધન છીનવી લેવું વગેરે એક વાર કર્યાનો સર્વ પ્રકારે થતો (કર્મ) ઉદય વ્યવહારમાં દસગણો થાય છે.

१३५ तिव्वयरे उ पओसे सयगुणिओ सयसहस्सकोडिगुणो ।
कोडाकोडिगुणो वा, हुज्ज विवागो बहुतरो वा ॥१७८॥

જો તીવ્ર દ્વેષ હોય તો તે વધ આદિનો કર્મ (ઉદય) સોગણો, લાખગણો, કરોડગણો, કોડાકોડિગણો અને એથીય અધિક અસંખ્યાતગણો પણ થાય.

१३६ वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।
मा हं परेहिं दम्मंतो, बंधणेण वहेहिं अ ॥१८४॥

પોતાના આત્માનું સ્વયં સંયમ અને તપથી દમન કરવું સારું, પણ બીજા લોકો દ્વારા બંધન અને મારથી આત્માનું થતું દમન ન થજો.

१३७ अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥१८५॥

આત્માને જ દમવો એ કર્તવ્ય છે. નિશ્ચે આત્માને દમવો દોહ્યલો છે. દમન કરાયેલો આત્મા ઈહલોક અને પરલોકમાં સુખી થાય છે.

१३८ अच्चिअ वंदिअ पूइअ, सक्कारिअ पणमिओ महग्घविओ ।
तं तह करेइ जीवो, पाडेइ जहप्पणो ठाणं ॥१८७॥

એ જીવ કપૂર આદિથી અર્ચિત થાય, વંદાય, વસ્ત્રાદિથી પૂજાય, સામે ઊઠીને સત્કારાય, માથે હાથ ચડાવીને પ્રણમાય, આચાર્ય-પદવી પ્રદાન કરીને ઘણું મહત્ત્વ અપાય ત્યારે તે એવું દુષ્ટ આચરણ કરે જેથી કરીને પોતાના મહત્ત્વના પદનો-સ્થાનનો નાશ કરે.

१३९ सीलव्वयाइं जो बहुफलाइं हंतूण सुखमहिलसइ ।
धिइदुब्बलो तवस्सी, कोडीए कागिणी किणइ ॥१८८॥

ઘણાં ફળોને આપનાર મૂલગુણ, ઉત્તરગુણ અને પાંચ મહાવ્રતો આદિ શીલ લોપીને જે વિષયસુખની ઇચ્છા કરે છે તે બિચારો હૈયાફૂટો કોટિ ધન વડે કાગિણિ-રૂપિયાનો એંશીમો ભાગ, કોડી - ને પામે છે.

१४० जीवो जहामणसिअं, हिअइच्छिअपत्थिएहिं सुक्खेहिं।
तोसेऊण न तीरइ जावज्जीवेण सव्वेण ॥१८९॥

એવા (સંસારી) જીવો મનમાં ચિંતવ્યા પ્રમાણેનાં, હૈયાને ગમતાં અને પાર્થિવ સુખો સમગ્ર જીવનપર્યંત પ્રાપ્ત થયા છતાં સંતોષ પામતા નથી.

१४१ सुमिणंतराणुभूअं, सुक्खं समइच्छिअं जहा नत्थि ।
एवमिमं पि अईअं सुक्खं सुमिणोवमं होइ ॥१९०॥

જેમ સ્વપ્નમાં અનુભવેલું સુખ સ્વપ્નનો સમય વીત્યા પછી રહેતું નથી એમ આ સંસારનું સુખ વીતી ગયા પછી સ્વપ્ન સમાન થાય છે.

१४२ पुरनिद्धमणे जक्खो, महुरामंगू तहे [ व ] सुयनिहसो ।
बोहेइ सुविहिअजणं, विसूरइ बहुं च हियएण ॥१११॥

મથુરાનગરીમાં, શાસ્ત્રમાં જે સાંભળ્યું હોય તે સિદ્ધાંતની પરીક્ષા કરવા માટેના કસોટી-પથ્થર જેવા મંગુ નામે આચાર્ય નગરની ખાળ પાસે યક્ષ થયા. તે યક્ષ પોતાના શિષ્ય સાધુજનોને પ્રતિબોધ આપે છે અને હૃદયમાં (સંતાપથી) ઘણું ઝૂરે છે.

१४३ निग्गंतूण धराओ न कओ धम्मो मए जिणक्खाओ ।
इड्डिरससायगुरुअत्तणेण न य चेइओ अप्पा ॥ ११२॥

તે આચાર્ય આમ ઝૂરે (સંતાપ કરે) છે કે 'મેં ગૃહસ્થાવાસમાંથી નીકળીને વીતરાગનો ઉપદેશેલો ધર્મ ન કર્યો. અને ઋદ્ધિ-વસ્ત્રાદિકની સંપત્તિ, રસ - રૂડા આહાર અને શાતા - સુકુમાર શય્યા આદિનાં સુખ એ વિષયક ગારવથી, તે પ્રત્યેના આદરભાવથી આત્મા ચેત્યો નહીં.'

१४४ ओसन्नविहारेणं, हा जह झीणम्मि आउए सव्वे ।
किं काहामि अहन्नो, संपइ सोआमि अप्पाणं ॥११३॥

હા, આ પ્રમાણે લાચારભાવે ચારિત્રના વિષયમાં શિથિલતાને લઈને હું એવો રહ્યો કે સઘળું આયખું ક્ષીણ થઈ ગયું. હવે હું અભાગી શું કરીશ? હવે તો કેવળ મારા આત્મા પર શોક કરવો રહ્યો.

१४५ हा जीव ! पाव भमिहिसि जाईजोणीसयाइं बहुआइं ।
भवसयसहस्सदुलहं पि, जिणमयं एरिसं लद्धुं ॥११४॥

હા, હવે તો એમ વિચારતાં ખેદ થાય છે કે રે પાપિયા જીવ ! લાખો ભવોએ પણ દુષ્પ્રાપ્ય એવું વીતરાગનું શાસન પામીને પણ એનો અમલ નહીં કરવાથી એકેંદ્રિયાદિક જાતિની ચોર્યાશી લાખ જીવયોનિમાં તુ ભટકીશ.

१४६ परितप्पिएण तणुओ साहारो जइ घणं न उज्जमइ ।
सेणिअराया तं तह परितप्पंतो गओ नरयं ॥१९६॥

જો તપસંયમનો ઘણો ઉદ્યમ ન કરે તો (કેવળ) પશ્ચાત્તાપ કરીને થોડો જ આધાર પ્રાપ્ત થાય. જેમકે શ્રેણિક રાજા તેવો પશ્ચાત્તાપ કરતા છતાં નરકાવાસે ગયા.

१४७ जीवेण जाणि विसज्जियाणि, जाईसएसु देहाणि।
थोवेहिं तओ सयलंपि, तिहुअणं हुज्ज पडिहत्थं ॥१९७॥

આ જીવે સેંકડો ભવોના બંધનમાં જે શરીરો મૂક્યાં તેના અનંતમા ભાગથી થોડા શરીરોથી પણ આ ત્રિભુવન સંપૂર્ણ ભરાઈ જાય.

१४८ पत्ता य कामभोगा, कालमणंतं इहं सउवभोगा।
अप्पुव्वं पिव मन्नइ, तहवि अ जीवो मणे सुक्खं ॥ २०२॥

આ જીવે અનંતકાળ ભમતાં આ સંસારમાં વિષય-ભોગ અનંત વાર ભોગવ્યા છતાંયે જીવ મનમાં એમ જ માને છે કે આ વિષયસુખ અપૂર્વ છે. (પૂર્વે જાણે કે ભોગવ્યું જ નથી.)

१४९ जाणइ अ जहा भोगिड्डिसंपया सव्वमेव धम्मफलं।
तहवि दढमूढहियओ पावे कम्मे जणो रमइ ॥२०३॥

જીવ એ જાણે છે, દેખે છે કે તે જે ભોગસંપત્તિ પ્રાપ્ત કરે છે તે સર્વ ધર્મનું ફળ છે, તોપણ ગાઢપણે વિષયમુગ્ધ ચિત્તવાળા લોકો પાપકાર્યોમાં રત રહે છે.

१५० जाणिज्जइ चिंतिज्जइ, जन्मजरामरणसंभवं दुक्खं ।
न य विसएसु विरज्जइ, अहो सुबद्धो कवडगंठी ॥ २०४॥

(ગુરુઉપદેશથી) એ વાત જણાય છે ને ચિંતવાય છે કે વિષયભોગને લઈને જન્મ-જરા-મરણનું દુઃખ ઉત્પન્ન થાય છે, તોપણ લોકો વિષયથી અટકતા નથી. ત્યારે એ મોટું આશ્ચર્ય લાગે કે મોહની ગાંઠ છોડી ન શકાય એવી સખ્ત બંધાયેલી છે.

१५१ जाणइ अ जह मरिज्जइ, अमरंतंपि हु जरा विणासेइ ।
न य उव्विग्गो लोओ, अहो रहस्सं सुनिम्मायं ॥२०५॥

સહુ એ જાણે છે કે મરવાનું નિશ્ચિત છે અને મૃત્યુ ન આવે ત્યાં સુધીમાં ઘડપણ રૂપનો વિનાશ કરે છે, તોપણ લોક આ સંસારથી નિર્વેદ પામતા નથી. હે ભવ્ય જીવો, જુઓ કે જીવનનું રહસ્ય કેવું અકળ છે !

१५२ न य नज्जइ सो दियहो मरिअव्वं चावसेण सव्वेण ।
आसापासपरद्धो न करेइ अ जं हिअं बज्झो ॥२०७॥

તે દિવસની ખબર નથી કે જ્યારે સઘળા જીવોએ અનિચ્છાએ પણ મરવાનું જ છે, એમ છતાં આશાના પાશથી ગાઢપણે બંધાયેલો યમદેવના (મૃત્યુના) મુખમાં પડેલો જીવ પોતાના આત્મહિત માટે કાંઈ ધર્મ કરતો નથી.

१५३ संज्झरागजलबुब्बुओवमे, जीविए अ जलबिंदुचंचले।
जुव्वणे अ नइवेगसंनिभे पाव जीव ! किमिअं न बुज्झसि ।२०८

સંધ્યાની લાલિમા અને પાણીના પરપોટા સરખું અને પોયણીના પાન પરના જલબિંદુ જેવું આ જીવન ચંચળ-અસ્થિર છે. યૌવન નદીના પૂર જેવું છે તો હે પાપિયા જીવ! આ બધું જોવા છતાં તું કેમ કાંઈ બોધ પામતો નથી?

१५४ सव्वगहाणं पभवो, महागहो सव्वदोसपायट्टी।
कामग्गहो दुरप्पा जेणभिभूअं जगं सव्वं ॥२१०॥

સઘળા ઉન્માદોનું ઉત્પત્તિસ્થાન, મોટા ઉન્માદ અને સઘળા દોષોનો પ્રવર્તક અને ચિત્તવિભ્રમના કારણરૂપ એ દુષ્ટ પાપી કામ છે જેણે સમગ્ર જગતને વશ કરી લીધું છે.

१५५ जो सेवइ किं लहइ, थामं हारेइ दुब्बलो होइ।
पावेइ वेमणस्सं, दुक्खाणि अ अत्तदोसेणं ॥२११॥

એ કામનું જે સેવન કરે છે તે શું પામે છે ? શરીરનું સત્ત્વ ગુમાવે છે, દૂબળો થાય છે, મનનો ઉદ્વેગ પામે છે, અને આમ પોતાના દોષોથી જ દુઃખ મેળવે છે.

१५६ जह कच्छूलो कच्छुं, कंडुअमाणो दुहं मुणइ सुक्खं।
मोहाउरा मणुस्सा तह कामदुहं सुहं बिंति ॥२१२॥

જેમ ખસ-ખરજવાવાળો જીવ ખસને ખંજવાળતો દુઃખને પણ સુખ માને તેમ મોહને લઈને આકુળ બનેલો માણસ કામના દુઃખને સુખ કહે છે.

१५७ एवं तु पंचहिं आसवेहिं, रयमायणित्तु अणुसमयं।
चउगइ-दुहपेरंतं, अणुपरिअट्टंति संसारे ॥२१४॥

એ પ્રમાણે એ જીવ હિંસાદિ અથવા પાંચેય ઇંદ્રિયોનાં પાંચે પાપના આશ્રવથી ક્ષણેક્ષણે પાપ ભેગું કરીને ચાર ગતિનાં દુઃખોના છેડા સુધી પછી સંસારમાં ભ્રમણ કરે છે.

१५८ सव्वगईपक्खंदे काहंति अणंतए अकयपुन्ना।
जे न सुणंति अ धम्मं, सोऊण य जे पमायंति ॥२१५॥

જે જીવે પાછલા ભવમાં પુણ્ય કર્યાં નથી અને વળી જે અત્યારે પણ ધર્મ સાંભળતો નથી કે સાંભળીને તે વિશે પ્રમાદ કરે છે તે જીવ સઘળી ગતિઓમાં અનંત ફેરા કર્યા કરશે.

१५९ अणुसिट्ठा य बहुविहं, मिच्छदिट्ठी य जे नरा अहमा।
बद्धनिकाइअकम्मा, सुणंति धम्मं न य करंति ॥२१६॥

જે મિથ્યાત્વી નીચ પુરુષો છે તે બહુ પ્રકારે ધર્મોપદેશ દ્વારા પ્રેરવા છતાં તે બદ્ધ અને નિબિડ કર્મોવાળા હોઈ ધર્મ સાંભળે છે ખરા પણ ધર્મ કરતા નથી.

१६० पंचेव उज्झिऊणं, पंचेव य रक्खिऊण भावेण।
कम्मरयविप्पमुक्का, सिद्धिगइमणुत्तरं पत्ता ॥२१७॥

હિંસાદિક પાંચ બાબતો ટાળીને, ભાવપૂર્વક પાંચ મહાવ્રતો પાળીને, કર્મરૂપી રજથી મુક્ત થયેલા ઉત્તમ જીવો ઉત્કૃષ્ટ મુક્તિ ગતિએ પહોંચ્યા.

१६१ जे घरसरणपसत्ता, छक्का [ य ]रिऊ सकिंचणा अजया।
नवरं मोत्तूण घरं, घरसंकमणं कयं तेहिं ॥२२०॥

જે સાધુ ઘરની મરામત અને સંભાળમાં આસક્ત હોય તે વિરાધનાને કારણે છ જીવ નિકાયના શત્રુ છે, સુવર્ણ-દ્રવ્ય આદિના પરિગ્રહી-અસંયમી છે. તેમણે કેવળ આગળનું (સંસારી) ઘર મૂકીને નવા ઘરમાં પ્રવેશ કર્યો છે.

१६२ निच्चं संकिअभीओ, गम्मो सव्वस्स खलिअचारित्तो ।
साहुजणस्स अवमओ, मओ वि पुण दुग्गइं जाइ ॥२२६॥

પાસત્થાનો સંગ કરનાર સાધુ સદાયે શંકાશીલ અને ભયભીત રહે, સર્વથી પરાભવ પામનારો બને, ચારિત્રની વિરાધના કરતો હોઈ સાધુજનને અણગમતો થાય અને વળી મર્યા પછીયે દુર્ગતિએ જાય.

१६३ वंदइ उभओ कालंपि, चेईआइं थयथुई परमो ।
जिणवरपडिमाघरथूव-पुप्फगंधच्चणुज्जुत्तो ॥२३०॥

શ્રાવક ઉભયકાળે સવારે અને સાંજે તથા 'અપિ' શબ્દથી મધ્યાહ્ને પણ એમ ત્રિકાળે જિનપ્રતિમાને વંદન કરે છે, સ્તવનસ્તુતિ બોલે છે, ભલો હોય તો પોતાના ઘર-દેરાસરમાં અથવા જિનપ્રાસાદમાં વીતરાગની પ્રતિમાને ધૂપ-પુષ્પ-સુખડ-કપૂર-કેસર-કસ્તૂરી વગેરેથી પૂજા કરવા વિશે ઉજમાળ હોય છે.

१६४ वसही-सयणासण-भत्तपाण-भेसज्ज-वत्थपत्ताई ।
जइवि न पज्जत्तधणो, थोवावि हु थोवयं देइ ॥ २४०॥

શ્રાવક જો પૂરતા ધનવાળો ન હોય તોપણ ઉપાશ્રય, પાટ-સંથારો આદિ બાજઠ-પાટલા આદિ, ભાતપાણી, ઔષધ, વસ્ત્ર-પાત્રાદિ એટલી વસ્તુ થોડામાંથી પણ થોડી (દાનમાં) આપે.

१६५ संवच्छर-चउम्मासिएसु, अट्ठाहिआसु अ तिहीसु ।
सव्वायरेण लग्गइ, जिणवरपूआ-तव-गुणेसु ॥२४१॥

પર્યુષણપર્વ, ત્રણ ચોમાસી પર્વ, ચૈત્ર અને આસો માસની અટ્ઠાઈ, આઠમ-ચૌદસ આદિ મુખ્ય પર્વતિથિ - આ દિવસોમાં શ્રાવક પૂરતા આદરપૂર્વક જિનેશ્વરની પૂજા, તપ અને ગુણ-પોષધ-વિનયાદિ વિષયોમાં મગ્ન બની જાય છે.

१६६ साहूण चेईआण य, पडिणीयं तह अवण्णवाइं च ।
जिणपवयणस्स अहियं, सव्वत्थामेण वारेइ ॥२४२॥

સાધુઓને તેમજ જિનેશ્વરોનાં ચૈત્યો - પ્રતિમાઓને ઉપદ્રવ કરનારાઓને,ભૂંડું બોલનારાઓને તથા વીતરાગ પ્રભુના શાસનનું અહિત કરનારાઓને શ્રાવક સમગ્ર શક્તિથી અટકાવે છે.

१६७ मुक्का दुज्जणमित्ती, गहिआ गुरुवयणसाहुपडिवत्ती ।
मुक्को परपरिवाओ गहिओ जिणदेसिओ धम्मो ॥२४५॥

જે શ્રાવકે જિનેશ્વરનો ઉપદેશેલો ધર્મ ગ્રહણ કર્યો હોય તો તે ખરાબ માણસની સોબત મૂકીને ગુરુના વચનનો સુંદર આદર કરે છે અને બીજાઓ વિશે કૂડું બોલવાનું ત્યજે છે.

१६८ तवनिअमसीलकलिआ, सुसावगा जे हवंति इह सुगुणा ।
तेसिं न दुलहाइं, निव्वाणविमाणसुक्खाइं ॥२४६॥

તપ-નિયમ-શિયળથી સંપન્ન એવા જે ગુણવંત ભલા શ્રાવકને આ શાસનમાં હોતાં મોક્ષનાં અને દેવલોકનાં સુખ દુર્લભ નથી.

૧૬૯ सीइज्ज कयाइ गुरू, तं पि सुसीसा सुनिउणमहुरेहिं ।
मग्गे ठवंति पुणरवि जह सेलग- पंथओ नायं ॥२४७॥

ક્યારેક ગુરુ ચારિત્રના વિષયમાં શિથિલ થાય તો ઉત્તમ શિષ્ય તે ગુરુને ડહાપણભર્યા અને કોમળ વચનોથી અથવા કર્તવ્યથી પુનઃ સાચા માર્ગે સ્થાપે છે, જેમ સેલગસૂરિ ગુરુ અને પંથક શિષ્ય તેનું દૃષ્ટાંત છે.

૧૭૦ वाससहस्सं पि जई, काऊणं संजमं सुविउलं पि ।
अंते किलिट्ठभावो, न विसुज्झइ कंडरीउव्व ॥२५१॥

સાધુ એક હજાર વર્ષોનો દીર્ઘ સંયમ પાળીને, અને ખરાબ પરિણામી થતાં, કંડરીક મહાત્માની પેઠે શુદ્ધ પરિણામી બનતા નથી.

૧૭૧ अप्पेण वि कालेणं केइ जहागहिअसीलसामन्ना ।
सांहति निअयकज्जं, पुंडरीअ महरिसि व्व जहा ॥२५२॥

કેટલાક સાધુઓ જેવું લીધું છે તેવું ચારિત્ર પાળતા થોડા સમયમાં જ પુંડરીક મહાઋષીશ્વરની પેઠે પોતાનું કાર્ય સિદ્ધ કરે છે.

૧૭૨ काऊण संकिलिट्ठं सामण्णं दुल्लहं विसोहीपयं ।
सुज्झिज्जा एगयरो, करिज्ज जइ उज्जमं पच्छा ॥२५३॥

પહેલા ખરાબ પરિણામથી ચારિત્રને દૂષિત કરીને પછી વિશુદ્ધ થવાનું સ્થાન દોહ્યલું છે. એમ છતાં, પાછળથી જો કોઈ ઉદ્યમ કરે તો વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે.

૧૭૩ जावाउ सावसेसं जाव य थो वि अत्थि ववसाओ ।
तावकरिज्ज अप्पहियं, मा ससिराया व सोइहिसि ॥२५८॥

જ્યાં લગી આયુષ્ય બાકી છે, જ્યાં લગી થોડો ઉદ્યમ-ઉત્સાહ છે ત્યાં લગી આત્મહિત કરી લે, શશિ રાજાની પેઠે પછીથી શોક ન કરીશ.

૧૭૪ धित्तूण वि सामण्णं संजमजोएसु होइ जो सिढिलो ।
पडइ जई वयणिज्जे, सोअई अ गओ कुदेवत्तं ॥२५९॥

ચારિત્ર (દીક્ષા) લઈને જે ક્રિયાને વિશે શિથિલ બને છે તે સાધુ નિંદાને પાત્ર બને છે અને હલકી જાતિનું દેવપણું પામીને શોક કરે છે.

૧૭૫ सुच्चा ते जिअलोए, जिणवयणं जे नरा न याणंति।
सुच्चाण वि ते सुच्चा, जे नाऊणं नवि करंति ॥२६०॥

જગતમાં તે પુરુષ શોચનીય છે જે જિનેશ્વરનાં વચનને જાણતો નથી. પણ તે તો એથીયે વધારે શોચનીય છે જે જિનવચનને જાણીને પણ તેનો અમલ કરતો નથી.

૧૭૬ दावेऊण धणनिहिं, तेसिं उप्पाडिआणि अच्छीणि।
नाऊण वि जिणवयणं, जे इह विहलंति धम्मधणं ॥२६१॥

જે જિનેશ્વરનાં વચન જાણીને પણ આ ભવમાં (એનું પાલન નહીં કરીને) એને નિષ્ફળ કરે છે તે ધર્મરૂપી ધનનું ઉપાર્જન કરતા નથી. તેઓને (દૈવે) ધનનો ભંડાર દેખાડીને આંખો કાઢી લીધી છે.

૧૬૭ ठाणं उच्चुच्चयरं, मज्झं हीणं व हीणतरगं वा ।
जेण जहिं गंतव्वं, चिट्ठा वि से तारिसी होइ ॥२६२॥

ઊંચું સ્થાન દેવલોક, એથી ઊંચેરું મોક્ષપદ, વચલું સ્થાનક મનુષ્યલોક, નીચું સ્થાન તિર્યંચગતિ, હીનતર સ્થાન નરક. જે જીવે જ્યાં જવું છે તે જીવની કરણી તેને અનુરૂપ થાય.

૧૬૮ जस्स गुरुम्मि परिभवो, साहूसु अणायरो खमा तुच्छा ।
धम्मे अ अणहिलासो, अहिलासो दुग्गईए उ ॥२६३॥

જેને ગુરુ પ્રત્યે અવહેલના છે, સાધુ પ્રત્યે આદર નથી, જેને ક્ષમા થોડી અને ધર્મને વિશે અભિલાષા નથી તેની અભિલાષા દુર્ગતિની જ છે.

૧૬૯ सयलम्मि वि जियलोए, तेण इहं घोसिओ अमाघाओ।
इक्कं पि जो दुहत्तं, सत्तं बोहेइ जिणवयणे ॥२६८॥

તે પુરુષે આ સમગ્ર જગતમાં અમારિનો પડો વગડાવ્યો જે ગુરુ એક પણ દુઃખપીડિત જીવને જિન-વચનના વિષયમાં બોધ પમાડે છે.

૧૭૦ सम्मत्तदायगाणं, दुप्पडिआरं भवेसु बहुएसु ।
सव्वगुणमेलिआहिं वि उवयारसहस्सकोडीहिं ॥२६९॥

ઘણા ભવો સુધી બેગણા, ત્રણગણા, અનંતગણા એમ સઘળો ગુણાકાર ભેગો કરીને સહસ્ર-ક્રોડ ઉપકારો કરવા છતાં સમ્યક્ત્વના આપનાર ગુરુના ઉપકારમાંથી ઋણમુક્ત થઈ શકાય નહીં.

१७१ सम्मत्तम्मि उ लद्धे ठइआइं नरयतिरयदाराइं ।
दिव्वाणि माणुसाणि अ, मोक्खसुहाइं सहीणाइं ॥ २७०॥

સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં નરક અને તિર્યંચ ગતિનાં બારણાં બંધ થાય છે અને દેવલોક, મનુષ્યલોક, અને મોક્ષપદનાં સુખ આપણને સ્વાધીન થાય છે.

१७२ सुपरिच्छिअसम्मत्तो नाणेणालोइअत्थसब्भावो ।
निव्वणचरणाउत्तो, इच्छिअमत्थं पसाहेइ ॥२७२॥

નિશ્ચલ સમ્યક્ત્વવાળો, જ્ઞાનથી જીવ-અજીવ આદિ પદાર્થોના સ્વરૂપ વિશે બોધવાળો અને નિરતીચાર ચારિત્ર-વાળો જીવ ઇચ્છિત અર્થ-મોક્ષને સાધે છે.

१७३ देवा वि [ देव ] लोए, दिव्वाभरणाणुरंजिअसरीरा ।
जं परिवडंति तत्तो, तं दुक्खं दारुणं तेसिं ॥२८५॥

દેવલોકમાં ઝળહળતાં આભૂષણોથી શોભાયમાન શરીરવાળા દેવો પણ જ્યારે દેવલોકમાંથી અપવિત્ર ગર્ભ-વાસમાં પડે છે ત્યારે દેવને તે દુઃખ અતિ દારુણ હોય છે.

१७४ तं सुरविमाणविभवं, चिंतिअ चवणं च देवलोगाओ।
अइबलिअं चिअ जं नवि फुट्टइ सयसक्करं हिअयं ॥२८६॥

પાછળ કહી તેવી દેવવિમાનની રિદ્ધિ અને દેવલોક-માંથી નીચલા અવતારમાં પડવું એનો ખ્યાલ કરીને પણ જો દેવનું હૃદય શતખંડ થઈને ફૂટી જતું નથી તો પછી એમ જ સમજવું કે એ હૃદય વજ્ર જેવું કેટલું કઠોર છે !

१७५ संसारचारए चारए व्व, आवीलिअस्स बंधेहिं ।
उव्विग्गो जस्स मणो, सो किर आसन्नसिद्धिपहो ॥२८९॥

સંસારભ્રમણ રૂપી કેદખાનામાં (કર્મોની) બેડીના બંધને પીડાયેલા જેમનું મન ઉદ્વિગ્ન બને છે તે ધર્મી જીવને મોક્ષમાર્ગ નજીક છે એમ જાણવું.

१७६ आसन्नकालभवसिद्धिअस्स, जीवस्स लक्खणं इणमो।
विसयसुहेसु न रज्जइ सव्वत्थामेसु उज्जमइ ॥२९०॥

નજીકના સમયમાં જેમની મુક્તિ થવાની હોય તેવા જીવનું એ લક્ષણ છે કે તે વિષયસુખમાં રાચે નહીં અને ધર્મક્રિયાને વિશે સર્વ પ્રકારે ઉદ્યમ કરે.

१७७ हुज्ज व न व देहबलं धिइमइसत्तेण जइ न उज्जमसि।
अच्छिहिसि चिरंकालं बलं च कालं च सोअंतो ॥२९१॥

શરીરનું બળ હોય કે ન હોય, પણ જો મનના ધૈર્યથી, બુદ્ધિથી અને સત્ત્વથી હે શિષ્ય ! તું (ધર્મમાં) ઉદ્યમ નહીં કરે તો શરીરનું બળ અને દૂષમ કાળનો શોક કરતો તું લાંબા કાળ પર્યંત આ સંસારમાં જ રહીશ.

१७८ लद्धिल्लिअं च बोहिं, अकरिंतोणागयं च पत्थिंतो ।
अन्नं दाइं बोहिं, लब्भिसि कयरेण मुल्लेण ॥२९२॥

(આ ભવમાં) લાધેલી જિનધર્મની પ્રાપ્તિને (સફળ) કરતો નથી અને આવતા ભવ માટે તું બોધિની વાંછના કરે છે. તો આ બીજી જિનધર્મની પ્રાપ્તિને તું કયા મૂલ્યથી પ્રાપ્ત કરીશ?

૧૭૯ संघयणकालबलदूसमारुयालंबणाइं घेत्तूणं ।
सव्वं चिय निअमधुरं, निरुज्जमाओ पमुच्चंति ॥२१३॥

શરીરનું સંગઠન, દુષ્કાળ આદિ (વિપરીત) સમય, મનનું બળ, દૂષમ આરો અથવા દૂષમાદૂષમ આરો, અને રોગ-આવાં અવલંબન લઈને આળસુ જીવ સઘળોયે ચારિત્રનો ભાર ત્યજી દે છે.

૧૮૦ कालस्स य परिहाणी, संजमजोगाइं नत्थि खेत्ताइं।
जयणाइ वट्टिअव्वं न हु जयणा भंजए अंगं ॥२१४॥

હમણાં કાળ ખરાબ છે, ચારિત્રને યોગ્ય ક્ષેત્ર નથી તેથી ગુણગ્રહણ અને દોષત્યાગ એવી જયણાથી વર્તવું. જયણા સંયમ શરીરનો નાશ થવા દેતી નથી.

૧૮૧ समिई-कसाय-गारव, इंदिय-मय-बंभचेर-गुत्तीसु ।
सज्झाय-विणय-तव-सत्तिओ अ जयणा सुविहिआणं २१५।

પાંચ સમિતિ ૧, ચાર કષાય ૨, ત્રણ ગારવ ૩, પાંચ ઇંદ્રિય ૪, આઠ મદ ૫, નવ બ્રહ્મચર્ય ગુપ્તિ ૬, વાચન આદિ સ્વાધ્યાય ૭, ઊઠીને સામા જવા આદિનો વિનય ૮, અનશન આદિ તપ ૯, ધર્મને વિશે મનનો ઉત્સાહ-૧૦ આ દસ બાબતોમાં ઉદ્યમ કરવો એને સુવિહિત મહાત્માની જયણા કહી છે.

१८२ कोहो माणो माया, लोभो हासो रई अरई अ।
सोगो भयं दुगंछा पच्चक्खकली इमे सव्वे ॥३०१॥

ક્રોધ ૧, માન ૨, માયા ૩, લોભ ૪, હાસ્ય ૫, રતિ ૬, અરતિ ૭, શોક ૮, ભય ૯ જુગુપ્સા ૧૦ - એ દસ કષાયના પ્રકારને સાક્ષાત્ કલહ જાણવા. [કષાયદ્વાર]

१८३ कोहो कलहो खारो अवरुप्परमच्छरो अणुसओ अ।
चंडत्तणमणुवसमो, तामसभावो अ संतावो ॥३०२॥

१८४ निच्छोडण निब्भंछण निराणुवत्तित्तणं असंवासो ।
कयनासो अ असम्मं, बंधइ घणचिक्कणं कम्मं ॥३०३॥

ક્રોધ ૧, કલહ ૨, ખાર ૩, પરસ્પર ઈર્ષ્યા ૪, પશ્ચાત્તાપ ૫, પ્રચંડપણું, (ઉગ્ર રોષ) ૬ ક્ષમારહિતપણું ૭, તામસભાવ-મેલાપણું ૮, સંતાપ ૯ જુદા થવું (કાઢી મૂકવું) ૧૦, અન્યનો તિરસ્કાર ૧૧, (વડીલને) નહીં અનુસરવું ૧૨, સાથે ન રહેવું ૧૩, કોઈ એ કરેલા ઉપકારને વીસરવો ૧૪, સમભાવ ન રાખવો ૧૫– એ સઘળા ક્રોધના નામભેદ છે. એ કરતો જીવ ગાઢાં ચીકણાં કર્મો બાંધે છે. [કષાયદ્વાર : ક્રોધ]

१८५ माणो मयहंकारो, परपरिवाओ अ अत्तउक्करिसो ।
परपरिभवो वि अ तहा, परस्स निंदा असूया य ॥३०४॥

१८६ हीला निरोवयारित्तणं निरवणामया अविणओ अ ।
परगुणपच्छायणाया, जीवंपाडंति संसारे ॥ ३०५ ॥

માન ૧, મદ ૨, અહંકાર ૩, બીજાના અવગુણ બોલવા ૪, આત્મપ્રશંસા,૫ બીજાઓનો પરાભવ કરવો, ૬ પરનિંદા ૭,

અદેખાઈ ૮, અવહેલના ૯, ઉપકાર ન કરવો ૧૦, અકડાઈ (ન નમવું) ૧૧, અવિનય ૧૨, બીજાના ગુણોને ઢાંકવા ૧૩– એ માનના નામભેદ છે. જીવને સંસારમાં પાડે છે. [કષાયદ્વાર : માન]

१८७ माया कुडंग पच्छन्नपावया, कूडकवडवंचणया ।
सव्वत्थ असब्भावो, परनिक्खेवावहारो व ॥ ३०६॥

१८८ छलछउम संवइअरो गूढायारत्तणं मई कुडिला ।
वीसंभघायणं पि अ भवकोडिसएसु वि नडंति ॥३०७॥

માયા ૧, ગૂઢતા ૨, છાનાં પાપાચરણ ૩, કૂડ ૪, કપટ ૫, વંચના ૬, સઘળાં કાર્યોમાં અસદ્ભાવ-હોય જુદું અને દેખાડે જુદું ૭, પારકાની થાપણ પચાવી પાડવી ૮, છળ ૯, પ્રપંચ ૧૦, ગાંડામાં ગણાવું ૧૧, કોઈ કાર્ય કરતાં કળાવા ન દેવું ૧૨, કુટિલ બુદ્ધિ ૧૩, વિશ્વાસઘાત ૧૪ - એ માયાનાં રૂપાંતરો છે. એ કોટિકોટિ ભવોમાં દુઃખી કરે છે. [કષાયદ્વાર : માયા]

१८९ लोभो अइसंचयसीलया य, किलिट्ठत्तणं अइममत्तं।
कप्पण्णापरिभोगो नट्ठविणट्ठे अ आगल्लं ॥३०८॥

१९० मुच्छा अइबहुधणलोभया य, तब्भावभावणा य सया।
बोलंति महाघोरे, जरमरणमहासमुद्दम्मि ॥३०९॥

લોભ ૧, અતિ સંગ્રહ કરવાની વૃત્તિ ૨, મનનું ડહોળાપણું ૩, અતિમમત્વ ૪, પાસે ભોગવવા યોગ્ય અન્ન આદિ હોવા છતાં કૃપણતાથી તેને નહીં ખાવું ૫, અશ્વ આદિ વસ્તુ ગુમાવતાં કે કરિયાણાં આદિ નાશ પામતાં મૂર્ચ્છાવશ થઈ જવાય એવો રોગ થવો ૬, ઘેલાપણું ૭, વધુ ધનના વિષયમાં

અત્યંત લોભીપણું ૮, સદાયે લોભના ભાવથી જ ચિત્તને ભાવવું ૯ - લોભનાં આ સ્વરૂપો મહાભયંકર અને જરા-મરણરૂપી મહાસાગરમાં ડુબાડે છે. [કષાયદ્વાર : લોભ]

१११ एएसु जो न वट्टिज्जा, तेण अप्पा जहट्ठिओ नाओ।
मणुआण माणणिज्जो देवाण वि देवयं हुज्जा ॥३१०॥

ઉપર્યુક્ત ક્રોધાદિ ચાર કષાયોના વિષયમાં જે રહેતો નથી તેણે પોતાનો આત્મા જેવો છે તેવો (યથાર્થપણે) ઓળખ્યો છે. તે મનુષ્યોને આદરપાત્ર થતો દેવોનો પણ દેવ બને છે.

११२ जो भासुरं भुअंगं, पयंडदाढाविसं विघट्टेइ।
तत्तो च्चिअ तस्संतो, रोसभुअंगोवमाणमिणं ॥३११॥

દાઢમાં તીવ્ર ઝેરવાળા ભયંકર સર્પને જે છંછેડે છે તેનો તે જ સાપથી વિનાશ થાય છે. ક્રોધને માટે આ સાપનું ઉપમાન છે.

११३ जो आगलेइ मत्तं कयंतकालोवमं वणगइंदं ।
सो तेणं चिय छुज्जइ माणगइंदेण इत्थुवमा ॥३१२॥

મૃત્યુકાળ સમા, મદોન્મત્ત એવા વનના હાથીની સામો જે થાય છે તે તે જ હાથીથી ચૂરો થાય છે. માનને માટે એ મદોન્મત્ત હાથીની ઉપમા છે.

११४ विसवल्लिमहागहणं, जो पविसइ साणुवायफरुसविसं।
सो अचिरेण विणस्सइ, माया विसवल्लिगहणसमा ।३१३।

સામા પવનની ગંધથી અને સ્પર્શથી મારનાર વિષ જેમાં છે એવા વિષવેલિના મોટા જટિલ વનમાં જે પ્રવેશે તે તત્કાળ નાશ પામે. માયા વિષવેલિના જટિલ વન જેવી છે.

૧૯૫ घोरे भयागरे सागरम्मि, तिमिमगरगाहपउरंमि ।
जो पविसइ सो पविसइ लोभमहासागरे भीमे ॥३१४॥

તેમજ, મચ્છો, મગરો અને પ્રસિદ્ધ બીજા જળચર જીવોથી ભરેલા, ભયના ભંડાર એવા રૌદ્ર સમુદ્રમાં જે પ્રવેશે તે બિહામણા લોભરૂપી મહાસમુદ્રમાં પ્રવેશે છે.

૧૯૬ गुणदोस बहु विसेसं, पयं पयं जाणिऊण नीसेसं।
दोसेसु जणो न विरज्जइ त्ति, कम्माण अहिगारो ॥३१५॥

જ્ઞાન આદિ ગુણો મોક્ષનાં કારણ અને ક્રોધ આદિ દોષ અનંત સંસારનું કારણ - એમ ગુણ અને દોષ વચ્ચે ઘણું અંતર છે એવાં વીતરાગનાં આગમવચન સંપૂર્ણ જાણવા છતાં લોકો દોષથી અટકતા નથી એ કર્મોનું (જીવ પરનું) વશવર્તીપણું જાણવું.

૧૯૭ अट्टट्टहासकेलीकिलत्तणं हासखेड्ड-जमगरुई ।
कंदप्पं उवहसणं, परस्स न करंति अणगारा ॥३१६॥

મોઢું પહોળું કરીને હડહડ (ખડખડ) હસવું, રમતથી બીજાને અસંબદ્ધ (એલફેલ) વચન કહેવાં, હસવામાં મજાકભર્યા ચાળા કરવા, બોલતી વેળા ઝડઝમક યોજવાની-શબ્દરમતની ઇચ્છા કરવી, રાગપૂર્વક હસવું, બીજાની મશ્કરી કરવી - મહાત્મા આટલી બાબતો કરે નહીં. [હાસ્યદ્વાર]

૧૯૮ साहूणं अप्परुई ससरीरपलोअणा तवे अरई ।
सुत्थिअवण्णो अइपहरिसो अ, नत्थी सुसाहूणं ॥ ३१७॥

પોતાને વિશે રૂડા શબ્દઆદિનું લેવું, ખરાબ (શબ્દાદિ)નું ત્યજવું, આસક્તિથી અરીસામાં પોતાના શરીરને જોવું, તપને વિશે અસુખ (અરતિ), 'હું સારો છું' એવી આત્મપ્રશંસા, અતિશય હર્ષ - આટલી બાબતો સારા મહાત્માને ન હોય. [રતિદ્વાર]

१९९ उव्वेवओ अ अरणामओ अ अरमंतिआ य अरई अ ।
कलमलओ अणेगग्गयाय कत्तो सुविहिआणं ॥३१८॥

લગીરેય ધર્મમાંથી ચલિત થવું, વિષય ઉપર ચિત્તગમન રૂપી મનનો રોગ, ધર્મને વિશે ચિત્તની અરમણતા, ગાઢા ઉદ્વેગથી ચિત્તની અસ્થિરતા, ચંચળપણે વિષયસુખ પામવાને વિશે મનની ક્ષુબ્ધતા, આ ખાઉં, આ પીવું, આ પહેરું એવું અસંબદ્ધપણે મનનું વિચારવું- આ બધામાંથી એકેય બાબત સુવિહિતિ મહાત્માને કેમ હોય જ? [અરતિદ્વાર]

२०० सोगं संतावं अधिइं च, मन्नुं च वेमणस्सं च ।
कारुण्ण-रुण्णभावं, न साहुधम्मम्मि इच्छंति ॥३१९॥

સ્વજન મરી જતાં ચિત્તનો ખેદ, મનનો અધિક ખેદ, એ ક્યાંક ત્યજી દેશે એવું અનિષ્ટ વિષયમાં વિચારવું, ઘણા શોકથી કંઠનો રોધ, આપઘાતનો વિચાર, અલ્પ રુદન, મોટેથી રુદન - એમાંની એક પણ બાબત સાધુધર્મમાં થાય એમ પરમગુરુ (તીર્થંકરપ્રભુ) ઇચ્છતા નથી. [શોકદ્વાર]

२०१ कुच्छा चिलीणमलसंकडेसु, उव्वेयओ अणिट्ठेसु ।
चक्खुनिअत्तणमसुभेसु, नत्थि दव्वेसु दंताणं ॥३२१॥

અપવિત્ર મળથી ભરેલા, દુર્ગંધ મડદાને વિષે સૂગ કરવી, થૂંકવું, મોં મચકોડવું, પોતાનાં અણગમતાં મલિન દેહ-વસ્ત્રાદિ વિષે ઉદ્વેગ ધરવો, કીડાથી ખવાઈ ગયેલાં (સડતાં) કૂતરાં વગેરેને વિષે આંખો ફેરવી લેવી - ઈન્દ્રિયોનું દમન કરનાર મહાત્માને આ બાબત ન હોય. [જુગુપ્સાદ્વાર]

૨૦૨ एअं पि नाम नाऊण मुज्झिअव्वं ति नूण जीवस्स।
फेडेऊण न तीरइ, अइबलिओ कम्मसंघाओ ॥३२२॥

આમ આગળ જણાવેલું પ્રસિદ્ધ જિનવચન જાણવા છતાં જે જીવ મૂઢ બને છે તેને (એના કષાયોને) નક્કી કર્મોનો અતિશય પ્રબળ સમૂહ મિટાવી શકતો નથી. એ કર્મનું પ્રમાણ છે. એટલે 'કોહો માણો માયા' એ ગાથા સંપૂર્ણ વર્ણવી. મૂળની દ્વારગાથામાં (સંપૂર્ણ) ન કહેવાયેલ હાસ્યાદિ ષટકનો કષાય, કષાયના અધિકાર માટે, સૂત્રકારે છ ગાથામાં એ કહ્યાં એટલે મૂળ દ્વારગાથાનાં બે દ્વાર વર્ણવ્યાં. હવે ત્રીજું ગૌરવદ્વાર કહે છે.

૨૦૩ जह जह बहुस्सुओ संमओ अ, सीसगणसंपरिवुडो अ।
अविणिच्छिओ अ समए तह तह सिद्धंतपडिणीओ ।३२३।

જેમજેમ ઘણાં શાસ્ત્રોનો જ્ઞાતા ગણાતો હોય, ઘણા લોકોને ગમતો હોય, ઘણા શિષ્યોથી વીંટળાયેલો હોય, આગમ-તત્ત્વોને વિશે જે અનિશ્ચિત હોય, તેમ તેમ ઋદ્ધિ આદિ ગૌરવ કરવાને લીધે આગમ-તત્ત્વોની હલકાઈ (લઘુતા) ઉપજાવતાં ગાઢ વિરોધી (શત્રુ) બને છે. [ગૌરવદ્વાર]

૨૦૪ पवराइं वत्थपायासणोवगरणाइं एस विभावो मे।
अवि य महाजणनेआ, अहंतिअह इड्डिगारविओ ।३२४।

'સારાં વસ્તુ, પાત્ર, આસન, ઉપકરણ એ મારી રિદ્ધિનો સમુદાય અને હું ઘણા લોકનો સ્વામી' એમ ઋદ્ધિના ગર્વથી (બંધાતાં) કર્મોએ કરીને આત્માને ભારે કરતા સાધુને ઋદ્ધિગારવનો સ્વામી કહીએ [ગૌરવદ્વાર : ઋદ્ધિગારવ]

૨૦૫ अरसं विरसं लूहं, जहोववन्नं च नेच्छए भुत्तुं ।
णिद्धाणि पेसलाणि अ, मग्गइ रसगारवे गिद्धो ।३२५।

હિંગ-મરચાં આદિથી સંસ્કાર્યા - વઘાર્યા વિનાનાં, જૂનાં ધાન, લૂખાં જેવાં મળ્યાં તેવાં આહાર-પાણી જે (વાપરવા) ઈચ્છતા નથી તે રસગારવને વિશે ખેંચાયેલા કહેવાય [ગૌરવદ્વાર . રસગારવ]

૨૦૬ सुस्सूसई सरीरं, सयणासणवाहणापसंगपरो ।
सायागारवगुरूओ, दुक्खस्स न देइ अप्पाणं ॥३२६॥

સુકુમાર શય્યા - આસનના નિષ્કારણ પરિભોગને વિષે આસક્તિ રાખી તેમાં એકમનવાળા (સાધુ) સાતાગારવને લઈને ભારે થયેલ જીવ પોતાના શરીરની શુશ્રૂષા કરે અને પોતાની જાતને દુઃખ (કષ્ટ) ન આપે. [ગૌરવદ્વાર : શાતાગારવ]

૨૦૭ जाइकुलरूवबलसुअ, तवलाभिस्सरिअअट्ठमयमत्तो।
एयाइं चिअ बंधइ, असुहाइं बहुं च संसारे ॥३३०॥

બ્રાહ્મણાદિ જાતિ ૧, પિતૃ પક્ષ (કુળ) ૨, દેહનું સૌંદર્ય ૩, બળ ૪, શાસ્ત્રજ્ઞાન ૫, તપ ૬, લાભ ૭, ઠકુરાઈ (ઐશ્વર્ય) ૮ - આ આઠ મદથી ઉન્મત બનેલો સંસારમાં ઘણી વાર આ જ આઠ બાબતોને હલકી રીતે પામે છે ( હીન જાતિ - કુળ આદિ મેળવે છે.) [મદદ્વાર]

૨૦૮ सुट्ठु वि जई जयंतो,जाइमयाईसु मज्जई जो उ ।
सो मेअज्जरिसि जहा, हरिएसबलु व्व परिहाइ ॥३३३॥

જે મહાત્મા (ધર્મ) ક્રિયાને વિશે ઘણો જ ઉદ્યમ કરવા છતાં જાતિ આદિ આઠ મદને વિશે ડૂબેલા રહે છે તે મેતાર્ય ઋષિની અને હરિકેશબલની પેઠે હલકી જાતિને પામે છે.

૨૦૯ सज्झाएण पसत्थं, ज्झाणं जाणई अ सव्वपरमत्थं।
सज्झाए वट्टंतो खणे खणे जाइ वेरग्गं ॥ ३३८॥

સ્વાધ્યાય કરવાથી રૂડું (શુક્લ) ધ્યાન થાય છે, અને સમગ્ર જગતના સ્વરૂપને તે જાણે છે. સ્વાધ્યાયમાં રહેતો જીવ ક્ષણે ક્ષણે વૈરાગ્યને પામે છે. [સ્વાધ્યાયદ્વાર]

૨૧૦ जो निच्चकाल तवसंजमुज्जओ, नवि करेइ सज्झायं ।
अलसं सुहसीलजणं, न वि तं ठावेइ साहुपए । ३४०।

જે (ગુરુ) સદા તપ અને સંયમને વિશે ઉદ્યમ કરવા છતાં સ્વાધ્યાય ન કરે તે આળસુ, સુખલંપટ (પોતાના શિષ્યાદિ) લોકને સાધુપદે સ્થાપી ન શકે.

૨૧૧ विणओ सासणे मूलं, विणीओ संजओ भवे।
विणयाउ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ॥३४१॥

જિનશાસનમાં ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે. મહાત્મા વિનયવંત હોય. વિનયરહિતને ધર્મ ક્યાંથી હોય અને તપ પણ ક્યાંથી હોય? [વિનયદ્વાર]

२१२ विणओ आवहइ सिरिं, लहइ विणीओ जसं च कित्तिं च।
न कयाइ दुव्विणीओ सकज्जसिद्धिं समाणेइ ॥३४२॥

વિનય સંપત્તિને પ્રાપ્ત કરાવે છે. વિનયવંત ચારે દિશામાં પ્રસરતો યશ અને એક દિશામાં પ્રસરતી કીર્તિ મેળવે છે. વિનયરહિત પોતાનાં કાર્યોની સિદ્ધિ ક્યારેય પામતો નથી.

२१३ जह जह खमइ सरीरं, धुवजोगा जहा जहा न हायंति ।
कम्मक्खओ अ विउलो विवित्तया इंदिअदमो अ ।३४३।

જેટલું શરીર સહન કરે અને જેટલું પ્રતિક્રમણ આદિ નિત્ય ક્રિયાઓમાં હાનિ ન થાય તે રીતે તપ કરવું. એમ કરવાથી ઘણાં કર્મોનો ક્ષય થાય છે. 'આત્મા જુદો છે, દેહ જુદો છે' એવી અન્યત્વભાવના થાય છે અને ઇંદ્રિયો વશમાં આવે છે. [તપદ્વાર]

२१४ जइ ता असक्कणिज्जं न तरसि काऊण तो इमं कीस ।
अप्पायत्तं न कुणसि संजमजयणं जईजोगं ॥ ३४४॥

હે શિષ્ય ! જો તું તપ-પ્રતિમા આદિ દુષ્કર આરાધના કરી શકતો ન હોય, તો વર્તમાન કાળમાં સાધુ કરી શકે એવી સમિતિ - કષાય-નિગ્રહ આદિ ચારિત્રની જયણા કેમ નથી કરતો? [શક્તિદ્વાર]

२१५ गुणहीणो गुणरयणायरेसु, जो कुणइ तुल्लमप्पाणं।
सुतवस्सिणो य हीलइ सम्मत्तं कोमलं तस्स ॥ ३५१॥

જે સાધુ ગુણમાં હીણા હોવા છતાં, ગુણ રૂપી રત્નોના ભંડાર સમા સાધુ સાથે પોતાની તુલના કરે છે અને ઉત્તમ તપસ્વી સાધુની નિંદા કરે છે તેમનું સમ્યકૃત્વ અસાર છે.

२१६ ओसन्नस्स गिहिस्स व, जिणपवयणतिव्वभाविअमइस्स।
कीरइ जं अणवज्जं दढसम्मत्तस्स वत्थासु ॥ ३५२॥

વીતરાગના શાસનમા જેમની બુદ્ધિ ગાઢપણે રંગાયેલી છે અને નિશ્ચલ સમ્યકૃત્વધારી એવા ઓસન્ના (સાધુ)ને અથવા ગૃહસ્થને કોઈ આપત્તિમાં કારણવિશેષે કરીને મહાત્મા નિષ્પાપ ઉચિત વૈયાવચ્ચ કરે.

२१७ बायालमेसणाओ न रक्खई धाइसिज्जपिंडं च ।
आहारेइ अभिक्खं विगईओ सन्निहिं खायइ ॥ ३५४॥

(પાસત્થ) વહોરવાના બેંતાલીસ દોષ ન ત્યજે, બાળકને રમાડવાને નિમિત્તે હરખાઈ જઈને ગૃહસ્થે આપેલો ધાત્રીપિંડ અને ઉપાશ્રયના માલિકે આપેલા આહાર-વસ્ત્રાદિ શય્યાપિંડ - એ બે પિંડ ન ત્યજે, સદાયે વિકારજનક (વિગઈ) અને ક્ષેત્ર-કાલાતીત આહારનો સંગ્રહ રાખીને વાપરે.

२१८ सूरप्पमाणभोई आहारेई अभिक्खमाहारं।
न य मंडलीए भुंजइ, न य भिक्खं हिंडई अलसो ।३५५।

(પાસત્થ) સાંજ થતા સુધી આહાર લે, હંમેશાં આહાર લે, વચ્ચે વચ્ચે ઉપવાસ ન કરે, સાધુઓની મંડળીમાં ન જમે, પ્રમાદી થતાં વહોરવા ન જાય, થોડાંક જ ઘરેથી ઘણું વહોરે.

२१९ कीवो न कुणइ लोअं, लज्जइ पडिमाइ जल्लमवणेइ।
सोवाहणो अ हिंडइ, बंधइ कडिपट्टयकंमकज्जे ।३५६।

(પાસત્થ) નિઃસત્ત્વ બનીને લોચ ન કરાવે, કાઉસ્સગ્ગ (કાયોત્સર્ગ)માં રહેતાં લજવાય, શરીરનો મેલ ઉતારે, પગરખાં પહેરીને ચાલે, કારણ વિના-ઉપયોગ વિના કમ્મરે ચોલપટ્ટો બાંધે.

२२० गामं देसं च कुलं ममायए पीढफलगपडिबद्धो।
घरसरणेसु पसज्जइ, विहरि अ सकिंचणो रिक्को ।३५७।

(પાસત્થ) આ ગામ, દેશ, કુળ મારાં છે એમ માને મમત્વ રાખે), વર્ષાકાળ સિવાય પણ પાટિ-પાટલા વાપરે, ઘરના સમારકામમાં અથવા સ્મરણમાં આસક્ત થાય, પરિગ્રહ કરવા છતાં પોતાને નિર્ગ્રંથ કહેવડાવતો વિહાર કરે.

२२१ नहदंतकेसरोमे जमेइ उच्छोलधोअणो अजओ ।
वाहेइ पलिअंकं अइरेगपमाण[ म ]त्थुरइ ॥३५८॥

(પાસત્થ) નખ, દાંત, કેશ, રોમને સમારે - શોભા કરે, અજયણાએ ઘણા પાણીથી દેહ પખાળે, પલંગ વાપરે, સંથારાથી અધિક પ્રમાણમાં પાથરે.

२२२ सोवइ अ सव्वराइं, नीसट्ठमचेअणो न वा झरइ ।
न पमज्जंतो पविसइ निसीहिआवस्सि अं न य करेइ ।३५९।

(પાસત્થ) લાકડાની પેઠે નિશ્ચેષ્ટ બનીને રાત્રિના ચારે પ્રહર સૂતો રહે, સ્વાધ્યાય ન કરે, (રજોહરણથી) પ્રમાર્જન કર્યા વિના ઉપાશ્રયમાં પ્રવેશ કરે, પ્રવેશ કરતાં 'નિસીહી' અને બહાર નીકળતાં 'આવસ્સીહી' ન કહે.

२२३ पाय पहे न पमज्जइ जुगमायाए न सोहए इरिअं।
पुढविदगअगणिमारुअ-वणस्सइतसेसु निरवेक्खो। ३६०।

(પાસ્તથ) માર્ગમાં પૂર્વ-ભૂમિની રજથી ખરડાયેલા પગ બીજી ભૂમિની રજ લાગતાં પ્રમાર્જે નહીં, ચાલતાં ધૂંસર પ્રમાણ - ચાર હાથ ભૂમિ જુએ નહીં, માટી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ - એ છકાય જીવોની નિઃશંકપણે વિરાધના કરે.

२२४ सव्वं थोवं उवहिं न पेहए न य करेइ सज्झायं।
सद्दकरो झंझकरो लहुओ गणभेअतत्तिल्लो ॥ ३६१॥

(પાસત્થ) સઘળી અથવા થોડી પણ ઉપધિનું પડિલેહણ ન કરે, સ્વાધ્યાય ન કરે, પહેલી ગાથાએ જ રાત્રે સૌ સૂતા હોય ત્યારે મોટે સાદે બોલે, કલહ કરે, તુચ્છ પ્રકૃતિનો તે ગચ્છના સાધુઓમાં અંદરોઅંદર ભેદ કરાવે.

२२५ खेत्ताईअं भुंजइ कालाईअं तहेव अविदिन्नं ।
गिण्हइ अणुइअसूरे, असणाई अहव उवगरणं । ३६२।

(પાસત્થ) બે કોસથી આગળનું વહોરેલું વાપરે, વહોર્યા પછી ત્રણ પહર પછી જમે તથા નહીં આપેલું વાપરે, સૂર્ય ઊગ્યા પહેલાં આહાર આદિ અથવા વસ્ત્રાદિ ઉપકરણ વહોરે.

૨૨૬ ઠવણકુલે ન ઠ્વેઈ, પાસત્થેહિં ચ સંગયં કુણઇ।
નિચ્ચમવજ્ઝાણરઓ ન ય પેહપમજ્જણાસીલો ॥ ૩૬૩॥

(પાસત્થ) ખાસ કામ પડ્યે જોઈતી વસ્તુ જ્યાં વહોરવાની હોય અને ગુરુ હમેશાં જ્યાં વહોરવા ન જાય એવું સ્થાપનાકુલ રાખે નહીં, શિથિલાચારી સાધુ સાથે મૈત્રી કરે, હંમેશાં કુધ્યાન ધ્યાવે, અને (વસ્તુ લેતાંમૂકતાં) પ્રેક્ષણ-પ્રમાર્જન સહજ રીતે ન કરે.

૨૨૭ રીયઇ દવદવાએ, મૂઢો પરિભવઇ તહ ય રાયણિએ ।
પરપરિવાયં ગિણ્હઇ, નિટ્ઠુરભાસી વિગહસીલો ॥ ૩૬૪॥

(પાસત્થ) ઉતાવળો ઉતાવળો ચાલે, આ મૂર્ખ જ્ઞાનાદિ રત્નને લઈને જે ચડિયાતા છે અને વડા છે એવા મહાત્માનો તિરસ્કાર કરે, પારકાની નિંદા કરે, કઠોર વચન બોલે અને (સ્ત્રીકથા આદિ) વિકથા કરે.

૨૨૮ વિજ્જં મંતં જોગં તેગિચ્છં કુણઇ ભૂઇકમ્મં ચ ।
અક્ખર-નિમિત્ત-જીવી આરંભપરિગ્ગહે રમઇ ॥ ૩૬૫॥

(પાસત્થ) દેવી-અધિષ્ઠિત વિદ્યા, દેવ-અધિષ્ઠિત મંત્ર, યોગ-ઔષધના મિશ્રણ રૂપ વશીકરણ આદિ ઉપચાર - પ્રતીકાર, રક્ષાવિધાન - એ બધું કરે, નિશાળિયાને અક્ષર શીખવવાને અને જ્યોતિષ ભાખવાને મિષે આજીવિકા કરે, આરંભ (પૃથ્વીકાયાદિ જીવ-નાશ) અને પરિગ્રહને વિશે રતિ (આસક્તિ) કરે.

૨૨૯ કજ્જેણ વિણા ઉગ્ગહમણુજાણાવેઇ દિવસઓ સુઅઇ ।
અજ્જિઅલાભં ભુંજઇ ઇત્થિનિસિજ્જાસુ અભિરમઇ । ૩૬૬।

(પાસત્થ) પ્રયોજન વિના દેવેંદ્ર આદિના પાંચ અવગ્રહની અનુજ્ઞા માગે, દિવસે સૂએ, સાધ્વીજીના વહોરેલા આહાર આદિ વાપરે, સ્ત્રીના (ઊઠ્યા પછી એના) આસન પર બેસે.

२३० उच्चारे पासवणे खेले सिंघाणए अणाउत्तो ।
संथारगउवहीणं पडिक्कमइ वा सपाउरणो ॥ ३६७॥

(પાસત્થ) સ્થંડિલ, માત્રુ, ગળફો, નાકનો મળ અસાવધાન રહીને પરઠવે, સંથારા કે ઉપધિ ઉપર રહીને અથવા વસ્ત્ર ઓઢીને પ્રતિક્રમણ કરે.

२३१ न करेइ पहे जयणं तलिआणं तह करेइ परिभोगं ।
चरइ अणुबद्धवासे, सपक्ख-परपक्खओ माणे ।३६८।

(પાસત્થ) માર્ગમાં શુદ્ધ આહારપાણી લેવાની નિર્મળતા (જયણા) ન કરે, પગરખાંનો ઉપયોગ કરે, વર્ષા-કાળમાં વિહાર કરે, અને જ્યાં સ્વપક્ષી મહાત્મા અને પરદર્શનીઓ હોય એવા સ્થાનમાં એ રીતે રહે કે જેથી તિરસ્કાર પમાય.

२३२ सच्छंदगमण-उट्ठाण-सोअणो, अप्पणेण चरणेण।
समणगुणमुक्कजोगी, बहुजीवखयंकरो भमइ । ३८०।

(પાસત્થ) પોતાના મનની ઇચ્છાએ વિહાર કરે, ઊઠે, સૂએ, શ્રમણના ગુણને વિશે પ્રવૃત્તિ વિનાનો હોય, ઘણા જીવોનો નાશ કરનારો હોય - આમ પોતાની બુદ્ધિએ કલ્પેલા આચરણ પ્રમાણે ચાલે.

२३३ वत्थि व्व वायपुन्नो, परिभमइ जिणमयं अयाणंतो ।
थद्धो निव्विन्नाणो न य पिच्छइ किं चि अप्पसमं ।३८१।

(પાસત્થ) વાયુથી ભરેલા ચામડાના દડાની પેઠે વીતરાગના શાસનને નહીં જાણતો બધે વિહરે. અહંકારી અને જ્ઞાનરહિત એવો તે પોતાની તોલે કોઈને ન ગણે.

२३४ सच्छंदगण-उट्ठाण-सोयणो भुंजई गिहीणं च ।
पासत्थाइट्ठाणा हवंति एमाइआ ए ए ॥ ३८२॥

(પાસત્થ) 'સ્વચ્છંદગમન-ઉત્થાન-શયન'વાળો છે. એને માટે આ વિશેષણ બન્ને સ્થાને (પાછલી તેમજ આ ગાથામાં) એટલા માટે વાપર્યું કે ગુરુની આજ્ઞા જ ગુણનું મૂળ છે. એ (પાસત્થ)ગૃહસ્થોની વચ્ચે બેસીને જમે. 'બાયાલામેસણાઓ ન રકખઈ' એ ગાથા[૩૫૪મી]થી શરૂ કરીને ઓગણત્રીસ (૨૯) ગાથામાં પાસત્થા(કુશીલ, ઓસન્ના)આદિનાં આવાં કુલક્ષણો છે.

२३५ जो हुज्ज उ असमत्थो रोगेण व पिल्लिओ झुरिअदेहो ।
सव्वमवि जहाभणिअं कयाइ न तरिज्ज काउं जे ।३८३।

જે મહાત્મા સહજ રીતે (શરીરબળે) અશક્ત હોય, અથવા રોગથી પીડાતા હોય, અથવા ઘડપણથી જેનું શરીર જર્જરિત થયું હોય તે (શાસ્ત્ર)માં જે કહ્યું છે તે બધું જ ક્યારેક ન કરી શકે. ગાથામાં છેલ્લું 'જે' પદ આવા અસમર્થને માટે છે.

२३६ सोविय निअयपरक्कम-ववसायधिइबलं अगूहंतो ।
मुत्तूण कूडचरिअं जइ जयंतो अवस्स जई ॥ ३८४॥

અને તેઓ (એવા બીજા જે અન્યથા આપત્તિગ્રસ્ત હોય) પણ પોતાના શરીરસામર્થ્યથી વ્યવસાય (બાહ્ય પ્રવૃત્તિ) અને વચનનું ધૈર્ય અને એનું બળ ગોપવે નહીં અને માયાની રમત ત્યજી દઈને કોઈ પણ રીતે ક્રિયાને વિશે ઉદ્યમ (યત્ન) કરે તો નક્કી તે સુસાધુ જ ગણાય.

૨૩૭ अलसो सढोवलित्तो, आलंबणतप्परो अइपमाई ।
एवं ठिओवि मन्नइ, अप्पाणं सुट्ठिओम्मि त्ति ॥ ३८५॥

આળસુ, માયાવી, અહંકારી, ગમે તેવું બહાનું કાઢવા તત્પર, નિદ્રા આદિ ઘણા પ્રમાદને સેવનારો હોવા છતાં 'પોતે સારો (સાધુ) છે' એમ જ માને.

૨૩૮ गच्छगओ अणुओगी, गुरुसेवी अणिअवासि आउत्तो ।
संजोएण पयाणं, संजम-आराहगा भणिआ ॥ ३८८॥

ગચ્છવાસી ૧, જ્ઞાનાદિકની આરાધના કરતો ઉદ્યમી ૨, ગુરુની આજ્ઞામાં રહેતો ગુરુસેવી ૩, એક જ ક્ષેત્રે ન રહેનારો અનિયતવાસી ૪, ચારિત્રને વિશે અપ્રમત્ત ૫ - આ ગચ્છગતાદિ પાંચને (ઉપરની ગાથામાં દર્શાવેલા) એકાકી આદિ પાંચ (પ્રકારના સાધુઓ)થી વિપરીત (સાધુઓ) જાણવા. એ પાંચ પદના દ્વિક આદિ સંયોગે કરી (બેના સંયોગે ૧૦, ત્રણના સંયોગે ૧૦, ચારના સંયોગે ૫, પાંચના સંયોગે ૧) એમને એક એકથી અધિકા સંયમના આરાધકો તીર્થંકર પ્રભુએ કહ્યા છે. એ પાંચના ૨૬ ભાંગા પાછલી ગાથા પ્રમાણે જાણવા.

૨૩૯ निम्ममा निरहंकारा उवउत्ता नाणदंसणचरित्ते ।
एगखित्तेवि ठिआ खवंति पोराणयं कम्मं ॥ ३८९॥

મમતા અને અહંકાર રહિત, જ્ઞાન-દર્શન-ચારિત્રને વિશે સાવધાન એવા સાધુ કોઈ કારણે એક જ સ્થાને રહેવા છતાં ઘણા ભવનાં કર્મોનો ક્ષય કરે છે.

૨૪૦ जिअकोहमाणमाया, जिअलोभपरीसहा य जे धीरा ।
वुड्ढावासेवि ठिआ, खवंति चिरसंचिअं कम्मं ।३९०।

ક્રોધ, માન, માયા લોભ અને પરીષહ જેણે જીત્યા છે અને જે સત્ત્વવંત છે તે વૃદ્ધાવસ્થામાં જંઘાનું (શરીરનું) બળ ક્ષીણ થઈ જતાં, એક જ સ્થાને રહેવા છતાં, લાંબા કાળનાં સંચિત કરેલાં કર્મોનો ક્ષય કરે છે.

૨૪૧ पंचसमिआ तिगुत्ता, उज्जुत्ता संजमे तवे चरणे ।
वाससयं पि वसंता मुणिणो आराहगा भणिआ ।३९१।

પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત તથા સંયમ, છજીવ નિકાયની રક્ષા, તપ અને ચારિત્રને વિશે ઉદ્યમવંત એવા મુનિ એકસો વરસ સુધી એક જ સ્થાને રહેતા હોય તો પણ વીતરાગ પ્રભુએ એમને આરાધક કહ્યા છે.

૨૪૨ तम्हा सव्वाणुन्ना, सव्वनिसेहो पवयणे नत्थि।
आयं वयं तुलिज्जा लाहाकंखि व्व वाणियओ ।३९२।

તેથી જ જિનેશ્વરના શાસનમાં સર્વ પ્રકારે 'આ આમ જ કરવું' એવી અનુજ્ઞા નથી, અને સર્વ પ્રકારે 'આ આમ ન જ કરવું' એવો

નિષેધ પણ નથી. લાભવાંછુ વ્યવસાય કરતા વાણિયાની પેઠે લાભ અને હાનિ (ઉપજ અને ખર્ચ) જોવાં જોઈએ.

૨૪૩ धम्मम्मि नत्थि माया, न य कवडं नाणुअत्तिभणिअं वा।
फुडपागडमकुडिल्लं, धम्मवयणमुज्जुअं जाण ॥३१३॥

ધર્મના વિષયમાં માયા ન હોય, કપટ ન હોય, છળકપટભર્યું બોલીને બીજાને પ્રસન્ન-ખુશ કરવાના ન હોય. ધર્મનું વચન સ્ફુટ, શરમાવું ન પડે તેવું પ્રગટ માયારહિત, સરળ હોય છે એમ તું જાણ-સમજ.

૨૪૪ नवि धम्मस्स भडक्का, उक्कोडावंचणा व कवडं वा।
निच्छम्मो किर धम्मो, सदेवमणुआसुरे लोए ॥३१४॥

આડંબર, લાંચ, બીજાની છલના, જમીને કહે કે 'હું ઉપવાસી છું' એવું કપટ - આટલી બાબતો ધર્મ-સાધકને ન હોય. દેવવૈમાનિકલોક, મનુષ્યલોક, અસુરલોક, પાતાળવાસી દેવલોક —એ સૌ મળીને ત્રિભુવનને વિશે સાચો જિનધર્મ માયારહિત પ્રવર્તે છે.

૨૪૫ अप्पागमो किलिस्सइ, जइ वि करेइ अइदुक्करं तु तवं।
सुंदरबुद्धीइ कयं, बहुइअं पि न सुंदरं होइ ॥ ४१४॥

અલ્પશ્રુત જોકે ઉગ્ર અને દુષ્કર તપ કરે તોપણ તે કષ્ટ જ અનુભવે પણ એનું ફળ કાંઈ પામે નહીં. 'આ સારું છે' એમ પોતાની મનની બુદ્ધિથી, વીતરાગપ્રભુની આજ્ઞા વિના, કરાયેલાં ઘણાં તપસંયમ પણ સારાં નથી હોતાં.

२४६ जह दाइयम्मि वि पहे, तस्स विसेसे पहस्सयाणंतो ।
पहिओ किलिस्सइ च्चिअ, तह लिंगायारसुअमत्तो ।४१६।

જેમ કોઈએ અમુક દિશામાં કેવળ માર્ગ બતાવ્યો હોય પણ આગળ તે માર્ગની ડાબે જવું કે જમણે જવું, વચમાં કયાં કયાં ગામ આવે આ બધાથી અજાણ એવો વટેમાર્ગુ ભૂખ-તરસ આદિનું કષ્ટ પામે જ. તેમ પોતાની બુદ્ધિ-કલ્પનાથી થતાં વેશ અને આચાર (ક્રિયા) તથા કેવળ (અર્થરહિત) સૂત્રને જ ધરનાર કષ્ટ જ પામે.

२४७ नाणाहिओ वरतरं, हीणोविहु पवयणं पभावंतो।
न य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ।४२३।

ક્રિયામાં હીન (શિથિલ) અને વાદ આદિ શક્તિમાં જિનશાસનને દીપાવનારો, જ્ઞાનની બાબતે ચડિયાતો એ પુરુષ અવશ્ય વધુ સારો છે. પરંતુ તીવ્ર અને દુષ્કર માસ-ક્ષમણ આદિ તપ કરતો અલ્પજ્ઞાની પુરુષ સારો નહીં.

२४८ नाणाहिअस्स नाणं, पुज्जइ नाणा पवत्तए चरणं ।
जस्स पुण दोण्ह इक्कं पि, नत्थि तस्स पुज्जए काउं ।४२४।

જ્ઞાનાધિક પુરુષનું જ્ઞાન પૂજાય છે; કેમકે જ્ઞાનથી ચારિત્ર પ્રવર્તે છે. જેને જ્ઞાન કે ચારિત્રમાંથી એકેય નથી તેનું શું પૂજાય?

२४९ नाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहूणं ।
संजमहीणं च तवं, जो चरइ निरत्थयं तस्स ।। ४२५।।

ક્રિયારહિતનું જ્ઞાન, સમ્યક્ત્વ વિનાનો સાધુવેશ, છજીવ નિકાયની રક્ષા વિનાનું તપ જે આચરે છે તે સઘળાં નિરર્થક બને છે.

२५० जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स।
एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी
न हु सुग्गईए ॥ ४२६॥

જેમ સુખડનો ભાર ઉપાડતો ગધેડો કેવળ ભારનો જ ભાગી બને છે, પણ સુખડની સુવાસ - વિલેપનનો ભાગી નથી જ બનતો એ જ રીતે ક્રિયારહિત જ્ઞાની કેવળ જ્ઞાનનો જ ભાગી બને છે, પણ સુગતિ - મોક્ષનો ભાગી નથી જ બનતો.

२५१ संपा[ ग ]डपडिसेवी, काएसु वएसु जो न उज्जमइ ।
पवयणपाडणपरमो, सम्मत्तं कोमलं तस्स ॥ ४२७॥

જે પ્રગટપણે સર્વલોકના દેખતાં નિષિદ્ધને આચરતો, શાસનની હલકાઈને વિશે તત્પર બનતો છજીવ નિકાયની રક્ષા અને પાંચ મહાવ્રતને વિશે ઉદ્યમો નથી કરતો તેનું સમ્યક્ત્વ કોમળ (હલકું) જાણવું.

२५२ छज्जीवनिकायदयाविवज्जिओ, नेव दिक्खिओ न गिही ।
जइधम्माओ चुक्को चुक्कइ गिहिदाणधम्माओ ॥ ४३०॥

જે છજીવ નિકાયની દયાથી રહિત બને છે તે સાધુ જ નથી અને ગૃહસ્થ પણ નથી કેમકે સાધુધર્મની ભ્રષ્ટ થયેલો ગૃહસ્થના દાનધર્મથી પણ ચૂકે છે. કેમકે સુસાધુને ગૃહસ્થનું દાન ખપે, પણ સુસાધુ આવા પતિતનું દાન પણ ન લે.

२५३ तव-निअमसुट्ठिआणं, कल्लाणं जीविअं पि मरणं पि।
जीवंतज्जंति गुणा, मया वि पुण सुग्गइं जंति ॥ ४४३॥

તપ-નિયમને વિશે જે નિશ્ચલ છે તેને આ જીવતર અને મરણ બંનેય ભલાં છે. તે જીવતાં ગુણો ઉપાર્જે છે અને મર્યા પછી સદ્‌ગતિમાં જાય છે.

२५४ अरहंता भगवंतो अहिअं व हिअं व नवि इहं किंचि।
वारंति कारवंति अ, घित्तूण जणं बला हत्थे ॥४४८॥

અરિહંત ભગવાન અહિત અથવા હિત કરનાર માણસને આ જગમાં બળાત્કારે હાથથી પકડીને રાજાની પેઠે (અહિતથી) રોકતા નથી અને (હિત) કરાવતા નથી.

२५५ उवएसं पुण तं दिंति, जेण चरिएण कित्तिनिलयाणं।
देवाण वि हुंति पहू, किमंग पुण मणूअमित्ताणं ।४४९।

પણ વીતરાગ પ્રભુ એવો ઉપદેશ આપે છે જે ઉપદેશને આચરતો પુરુષ કીર્તિના સ્થાન એવા દેવોનો પણ સ્વામી બને છે, તો પછી હે શિષ્ય! એકલા મનુષ્યોનો સ્વામી તે થાય તેમાં તો કહેવાનું જ શું હોય !

२५६ सुरवइसमं विभूइं जं पत्तो भरह चक्कवट्टी वि ।
माणुसलोगस्स पहू, तं जाण हिओवएसेण ॥ ४५२॥

મનુષ્યલોકના સ્વામી ભરત ચક્રવર્તીએ ઇંદ્રના જેવી રિદ્ધિ પ્રાપ્ત કરી તે હિતકારક ઉપદેશના આચરણથી જ બન્યું એમ હે શિષ્ય! તું જાણ.

૨૫૭ लद्धूण तं सुइसुहं जिणवयणुवएसममयबिंदुसमं।
अप्पहिअं कायव्वं, अहिएसु मणं न दायव्वं ॥४५३॥

કાનને સુખદાયી, અમૃતબિંદુ સરખો જિનવચનનો ઉપદેશ પામીને પોતાના આત્માને હિતકારક ધર્માનુષ્ઠાન કરવું જોઈએ અને અહિતકારી હિંસાદિના વિષયમાં મન નહીં દેવું જોઈએ.

૨૫૮ हिअमप्पणो करिंतो, कस्स न होइ गुरुओ गुरु गण्णो ।
अहिअं समायरंतो, कस्स न विपच्चओ होइ ॥४५४॥

આત્માનું હિત કરતો કોનો મોટો ગુરુ અને ઉત્તમોમાં ગણના થાય એવો નથી બનતો? બને જ. અને અહિત આચરતો કોને અવિશ્વસનીય નથી થતો? થાય જ.

૨૫૯ जो नियमसीलतवसंजमेहिं, जुत्तो करेइ अप्पहिअं।
सो देवयं व पुज्जो, सीसे सिद्धत्थउ व्व जणे ॥४५५॥

જે નિયમ-શીલ-તપ સંયમે કરી યુક્ત એવો પોતાના આત્માના હિત કાજે ધર્મકાર્ય કરે છે તે દેવતાની પેઠે પૂજવા યોગ્ય બને છે અને લોકોમાં માંગલિકને કાજે સરસવની પેઠે માથે ચડાવાય છે.

૨૬૦ पंचिंदिअत्तणं माणुसत्तणं आयरिए जणे सुकुलं ।
साहुसमागम सुणणा, सद्दहणारोग पव्वज्जा ॥४६६॥

પંચેંદ્રિયપણું, મનુષ્યભવ, આર્યદેશ, શ્રાવકનું કુળ, ગુરુનો સંયોગ, (ધર્મશાસ્ત્રોનું) શ્રવણ, (શ્રુત પર) શ્રદ્ધા, નીરોગીપણું અને દીક્ષા - આટલી બાબતો એકેકથી દુર્લભ (ચડિયાતી) છે.

૨૬૧ इक्कं पि नत्थि जं सुट्ठु सुचरिअं जह इमं बलं मज्झ।
को नाम दढक्कारो मरणं ते मंदपुन्नस्स ॥ ४६८॥

તે જીવ એવું ચિંતવે છે "સુકૃત કર્યાનું જ મારે બળ કે જેથી હું સદ્ગતિમાં જઈ શકું. પણ એવું ગાઢું સારું પુણ્યનું કૃત્ય મારી સિલકમાં એકેય નથી. તો મંદપુણ્ય એવા મને મરણને અંતે કોનો આધાર મળશે?"

૨૬૨ कत्तो चिंता सुचरिअ- तवस्सगुणसुट्ठिअस्स साहुस्स।
सुग्गइ-गम-पडिहत्थो, जो अच्छइ नियम-भरिअभरो ।४७०।

જેણે રૂડા તપ આચર્યાં છે અને જે ચારિત્ર-ગુણને વિશે નિશ્ચલ છે, અભિગ્રહોથી ભરેલા માલ રૂપી ગાડું જેને છે અને એને સારી ગતિએ લઈ જવામાં જે દક્ષ છે એવા સંયમી (સાધુ)ને મરણવેળાએ કશીયે ચિંતા શેની હોય!

૨૬૩ वग्घमुहम्मि अहिगओ, मंसं दंतंतराउ कड्ढेइ ।
'मा साहसं' ति जंपइ करेइ न य तं जहा भणिअं ।४७२।

તે માસાહસ પંખી સૂતેલા વાઘના મુખમાં પેસીને દાંતની વચ્ચે (ભરાઈ રહેલું) માંસ ચાંચથી કાઢે છે અને 'મા સાહસ' ('સાહસ ન કરો') એમ મુખથી કહે છે. પણ જેવું કહે છે તેવું આચરતું નથી.

૨૬૪ परिअट्टिऊण गंथत्थ-वित्थरं निहसिऊण परमत्थं।
तं तह करेइ जह तं न होइ सव्वं पि नडपढिअं ।४७३।

સૂત્ર અને અર્થવિસ્તારનો પુનરાવર્તનથી અભ્યાસ કરીને તે સૂત્રાર્થના સારનો નિશ્ચય કરીને ભારેકર્મી જીવ વર્તાવ એવી રીતે કરે છેકે તેણે બોલેલું સઘળું કામમાં આવે એવું થતું નથી. જેમ નટવાનું બોલવું તેના સરખું તેનું (ભારેકર્મી જીવનું) બોલવું થાય છે.

२६५ पढइ नडो वेरग्गं, निव्विज्जिज्जाय बहुजणो जेण।
पढिऊण तं तह सढो, जालेण जलं समोअरइ ॥४७४॥

નટવો વૈરાગ્યના શ્લોક બોલે જે બોલવાથી ઘણા લોકો વૈરાગ્ય પામે. પણ તે માયાવી નટવો તેવું બોલીને માછલાં લેવા પાણીમાં ઊતરે.

२६६ कह कह करेमि कह मा करेमि कह कह कयं बहुकयं मे।
जो हिययसंपसारं करेइ सो अइ करेइ हिअं ॥४७५॥

"હું (અનુષ્ઠાનો) કેવી કેવી રીતે રૂડાં કરું? કેવી રીતે ખરાબ ન કરું? મારું કહેલું કેવી કેવી રીતે ઘણાને લાભકારી બને?" – જે જ્ઞાની આમ પોતાના હૃદયમાં વિચારે છે તે પોતાના આત્માને ઘણું જ હિત કરે છે.

२६७ न ते हि दिवसा पक्खा, मासा वरिसा व संगणिज्जंति।
जे मूल-उत्तरगुणा अखलिआ ते गणिज्जंति ॥४७१॥

ધર્મના વિષયમાં દિવસ, પખવાડિયાં, મહિના, વરસ કાંઈ ન ગણાય. એ ઘણા હોય એથી કાર્ય સિદ્ધ ન થાય. અતિચાર (દોષ) રહિત જે પાંચ મહાવ્રત આદિ મૂલગુણ અને પાંચ સમિતિ આદિ ઉત્તરગુણ તે જ ગણતરીમાં લેવાય.

२६८ जो नवि दिणे दिणे संकलेइ के अज्जअज्जिआ मि गुणा।
अगुणेसु अ न य खलिओ कह सो करेज्ज अप्पहिअं ।४८०।

જે રોજેરોજ અને પ્રત્યેક રાત્રિએ હિસાબ ન જુએ કે આજ મેં કયા જ્ઞાન આદિ ગુણ સંપન્ન કર્યા અને પ્રમાદ આદિ કયા દોષથી હું ન ચૂક્યો, તે પોતાના આત્માનું હિત કેવી રીતે કરે?

२६९ इअ गणिअं इस तुलिअं इअ बहुहा दारिसिअं निअमिअं च।
जइ तह वि न पडिबुज्झइ, किं कीरइ
नूण भविअव्वं ॥ ४८१॥

આ પ્રમાણે 'સંવચ્છરમુસભજિણો' [ગાથા ૩] ઈત્યાદિ પાછળ કહેલી ગાથાથી હજારો ઉપસર્ગો આદિ વચ્ચે પણ થયેલા ધર્માનુષ્ઠાન ગણી દેખાડ્યાં, તથા સનત્કુમાર ચક્રવર્તીના દૃષ્ટાંતથી અને આર્ય મહાગિરિના દૃષ્ટાંતે તુલના કરીને એ અનુષ્ઠાનો દર્શાવ્યાં. સમિતિ-કષાય-ગારવ ઈત્યાદિના વિધિ (નિયમ) અને 'બાયાલમેસણાઓ ન રક્ખઈ' [ગાથા ૩૫૪] ઈત્યાદિ અવિધિ (દોષ) એ બન્ને વર્ણવીને નિયમનો સૂચવ્યાં તોપણ જે ભારેકર્મા જીવ પ્રતિબોધ ન પામે તો વિશેષ શું કરાય? એવા જીવે આ અનંતસંસારમાં ભટકવાનું છે એમ નિશ્ચે થનાર છે.

२७० जइ सव्वं उवलद्धं, जइ अप्पा भाविओ उवसमेणं।
कायं वायं च मणं, उप्पहेणं जह न देह ॥४८३॥

અહો ભવ્ય જીવો ! જો તમને આગમમાં કહેલું સર્વ સમજાયું હોય અને જો તમારો આત્મા રાગ આદિ પરના

જયથી ભાવિત થયો હોય તો કાયા, વચન અને મનને ઉન્માર્ગે ન જવા દો (ન પ્રવર્તાવો).

૨૭૧ अणवट्ठिअं मणो जस्स, झायइ बहुआइं अट्टमट्टाइं ।
तं चिंतिअं च न लहइ, संचिणइ अ पावकम्माइं ।४८६।

જેનું મન ચંચળ છે અને ઘણું આડુંતેડું વિચારે છે તે વિચારેલું તેને કાંઈ પ્રાપ્ત થતું નથી અને ખરાબ કર્મો બાંધે છે.

૨૭૨ को दाही उवएसं चरणालसयाण दुव्वियड्ढाणं ।
इंदस्स देवलोगो न कहिज्जइ जाणमाणस्स ॥ ४९० ॥

જે ગર્વથી પોતાને દક્ષ - ડાહ્યો માને અને સંયમને વિશે પ્રમાદ કરે તેને ઉપદેશ કોણ આપશે ? કોઈ નહીં આપે. 'અમે એ ઉપદેશ જાણીએ છીએ. દેવલોકનું સ્વરૂપ જાણતા ઇંદ્ર આગળ દેવલોકનું સ્વરૂપ ન કહેવાય.' આમ તે ઉપદેશ આપનારની સામે હસે છે.

૨૭૩ दो चेव जिणवरेहिं, जाइजरामरणविप्पमुक्केहिं ।
लोगम्मि पहा भणिआ सुसमण सुस्सावगो वावि ।४९१।

જન્મ-જરા-મૃત્યુથી મુક્ત થયેલા તીર્થંકરદેવે લોકોમાં મોક્ષના બે જ માર્ગ કહ્યા છે. શુદ્ધ ચારિત્રી (સાધુ) ૧, બીજો સુશ્રાવક ૨. ત્રીજો સંવિગ્ન પાક્ષિકનો માક્ષમાર્ગ છે, પણ એ આ બે માર્ગમાં સમાઈ જાય છે તેથી જુદો કહ્યો નથી.

૨૭૪ सव्वं ति भाणिऊणं, विरई खलु जस्स सव्विआ नत्थि ।
सो सव्वविरइवाई, चुक्कई देसं च सव्वं च ॥ ५०३ ॥

"જ્યાં લગી જીવું ત્યાં લગી ત્રિવિધે ત્રિવિધે સઘળાં પાપોનો ત્યાગ કરું છું." એમ ઉચ્ચરીને જેને સંપૂર્ણ વિરતિ નથી તે સર્વવિરતિની પ્રતિજ્ઞા કરનાર દેશવિરતિ અને સર્વવિરતિ બન્નેથી ચલિત થાય છે.

૨૭૫ आणाइ च्चिअ चरणं, तब्भंगे जाण किं न भग्गंति ।
आणं च अइक्कंतो कस्साएसा कुणइ सेसं ॥ ५०५ ॥

વીતરાગની આજ્ઞાથી જ ચારિત્ર છે. તે આજ્ઞાનો ભંગ કરીને બીજું શું ન ભાંગ્યું ? જો આજ્ઞાનું જ ઉલ્લંઘન કર્યું તો બાકીનો ધર્મ કોની આજ્ઞાથી કરે છે ?

૨૭૬ परिचिंतिऊण निउणं, जइ नियमभरो न तीरए वोढुं ।
परचित्तरंजणेणं न वेसमित्तेण साहारो ॥ ५११ ॥

હે સાધુ, ઊંડો વિચાર કરીને, જો તું મહાવ્રતનો ભાર આજીવન ઉપાડી ન શકે તો પરાયા (બીજાના) મનને આનંદ આપનાર (સાધુ)વેશ માત્રના આધારે કાંઈ ન થાય.

૨૭૭ सुज्झइ जई सुचरणो, सुज्झइ सुस्सावगोवि गुणकलिओ।
ओसन्नचरणकरणो सुज्झइ संविग्ग-पक्खरुई । ५१३ ।

દોષ રહિત સંયમનો સ્વામી નિર્મળ થાય છે. ગુણો સહિતનો શ્રાવક પણ શુદ્ધ (નિર્મળ) થાય છે. જે ચરણ-કરણને વિશે શિથિલ છે છતાં એવો મોક્ષાભિલાષી સાધુ સંયમ-ક્રિયાને વિશે જો રુચિવાળો હોય તો તે પણ નિર્મળ થાય છે.

૨૭૮ संविग्गपक्खिअआणं, लक्खणमेअं समासओ भणिअं ।
ओसन्नचरणकरणावि, जेण कम्मं विसोहंति । ५१४ ।

મોક્ષાભિલાષી સાધુવર્ગને પક્ષે જેની બુદ્ધિ (રુચિ) છે તે સંવિગ્નપાક્ષિક. તેનું લક્ષણ વીતરાગપ્રભુએ સંક્ષેપમાં કહ્યું છે, જે લક્ષણ વડે ચરણ-કરણને વિશે શિથિલ હોવા છતાં એવા જીવો કર્મ(મેલ) ધૂએ છે.

૨૭૯ चरणकरणालसाणं अविणयबहुलाण सयअजोगमिणं।
न मणी सयसाहस्सो आवज्झइ कुच्छभासस्स ।५३०।

ચરણકરણને વિશે પ્રમાદી અને વિનયરહિત જીવને આ ઉપદેશમાલા પ્રકરણ સદૈવ અનુચિત છે; જેમ કૌસ્તુભરત્નને ફેંકી દેનાર મૂર્ખને અથવા કાગડાને કંઠે લક્ષમૂલ્યનું રત્ન ન બંધાય.

૨૮૦ नाऊणकरयलगयामलं व सब्भावओ पहं सव्वं।
धम्मम्मि नाम सीइज्जइ त्ति कम्माइं गरूआइं ।।५३१।।

હાથમાં રહેલા આંબળાની જેમ સાચી બુદ્ધિએ સઘળોયે મોક્ષમાર્ગ જાણીને પણ જીવ ધર્મને વિશે પ્રમાદી બનેછે તો એ પરથી એમ જ જણાય છે કે એમનાં કર્મો જ ભારે છે.

૨૮૧ संजमतवालसाणं, वेरग्गकहा न होइ कन्नसुहा ।
संविग्गपक्खिआणं हुज्ज व केसिंचि नाणीणं ।५३३।

સંયમ-તપને વિશે પ્રમાદી હોય એને આ વૈરાગ્યની વાત કાનને સુખકર બનતી નથી. પણ એવા જ (તપ-સંયમના પ્રમાદી) હોવા છતાં કેટલાક જ્ઞાની સંવિગ્ન-પાક્ષિકને સુખકારિણી બને છે.

२८२सोऊण पगरणमिणं, धम्मे जाओ न उज्जमो जस्स।
न य जणिअं वेरग्गं जाणिज्ज अणंतसंसारी ॥५३४॥

આ ઉપદેશમાલા પ્રકરણ સાંભળીને જેને ધર્મ ઉપર ઉત્સાહ ન જાગે અને વૈરાગ્ય ન ઊપજે તેને અનંતસંસારી જ જાણવો.

२८३ कम्माण सुबहुआणुवसमेण उवगच्छई इमं सव्वं।
कम्ममलचिक्कणाणं वच्चइ पासेण भण्णंतं ॥५३५॥

જ્યારે ઘણાં કર્મોનો ઉપશમ થાય ત્યારે આ સમગ્ર (ઉપદેશમાલા) પ્રકરણ પ્રતિબોધ ઉપજાવે. પણ કર્મમલે કરી ચીકણા (ચીકણાં કર્મો જેણે બાંધ્યાં છે તેવા) જીવને એ ઉપદેશ કહેતાં છતાં પાસેથી સરી જાય, ચિત્તમાં વસે નહીં.

२८४ उवएसमालमेयं जो पढइ सुणइ कुणइ वा हिअए।
सो जाणइ अप्पहिअं, नाऊण सुहं समायरइ ॥५३६॥

જે જીવ આ ઉપદેશમાલા સૂત્રથી ભણે (બોલે), અર્થથી સાંભળે અને વારંવાર (પ્રતિક્ષણ) સૂત્ર-અર્થના ચિંતવનથી હૃદયસ્થ કરે તે પોતાના આત્માને હિતકર ધર્મ સમજે છે અને એ સમજીને એને સુખેથી આચરે છે.

## ગાથા અકારાદિ ક્રમ


| ગાથા | ગાથાક્રમાંક |
|---|---|
| अंगारजीववहगो । | १६८ |
| अंतेउरपुरबलवाहणेहिं । | ४९ |
| अइसुट्ठिओ त्ति गुणसमुइओ त्ति। | ६८ |
| अच्चिअ वंदिअ पूइअ । | १८७ |
| अट्टट्टहासकेलीकिलत्तणं । | ३१६ |
| अणवट्ठिअं मणो । | ४८६ |
| अणुराएण जइस्स वि । | १४१ |
| अणुवत्तगा विणीया । | ९७ |
| अणुसिट्ठा य बहुविहं । | २१६ |
| अपरिस्सावी सोमो। | ११ |
| अप्पहियमायरंतो । | १०८ |
| अप्पा चेव दमेयव्वो । | १८५ |
| अप्पा जाणइ अप्पा । | २३ |
| अप्पागमो किलिस्सइ । | ४१४ |
| अप्पेण वि कालेणं । | २५२ |
| अभिगमण-वंदण-नमंसणेण । | १६६ |
| अरसं विरसं लूहं । | ३२५ |
| अरहंता भगवंतो । | ४४८ |
| अलसो सढोवलित्तो । | ३८५ |
| अवरुप्परसंबाहं । | १५५ |
| अविकत्तिऊण जीवे । | ११२ |
| आणाए च्चिय चरणं । | ५०५ |
| आयरियभत्तिरागो । | १०० |
| आसन्नकालभवसिद्धिअस्स । | २९० |
| आहारेसु सुहेसु अ। | ४० |
| इक्कं पि नत्थि जं । | ४६८ |
| इक्कस्स कओ धम्मो । | १५६ |
| इय गणिअं इस तुलिअं । | ४८१ |
| इह लोए आयासं । | १२७ |
| उच्चारपासवणवंत- । | १५१ |
| उच्चारे पासवणे । | ३६७ |
| उत्तमकुलप्पसूआ । | १५४ |
| उवअेसं पुण तं दिंति । | ४४१ |
| उवएससहस्सेहिं वि। | ३१ |
| उव्विल्लणसूअणपरिभवेहिं । | ७७ |
| उव्वेवओ य अरणामओ अ । | ३१८ |
| एअं पि नाम नाऊण । | ३२२ |
| एएसु जो न वट्टिज्जा । | ३१० |
| एगंतनिआवासी । | १११ |
| एगदिवसं पि जीवो । | ९० |
| एगदिवसेण बहुआ । | १६० |
| एवं तु पंचहिं आसवेहिं । | २१४ |
| ओसन्नविहारेणं । | १९३ |
| ओसन्नस्स गिहिस्स व । | ३५२ |
| कइआवि जिणवरिंदा। | १२ |
| कज्जेण विणा उग्गह- । | ३६६ |
| कडुअकसायतरूणं । | ३६ |
| कत्तो चिंता सुचरिअ-। | ४७० |
| कत्तो सुत्तत्थागम- । | १५७ |
| कम्माण सुबहुआणुवसमेण । | ४३५ |
| कलहणकोहणसीलो । | १३१ |
| कह कह करेमि कह मा। | ४७५ |
| कह तं भण्णइ सुक्खं। | ३० |
| काऊण संकिलिट्ठं । | २५३ |
| कारणनिययावासे । | ११० |
| कारणविऊ कयाई । | ९५ |

| ગાથા | ગાથાક્રમાંક |
|---|---|
| कालस्स य परिहाणी । | २९४ |
| किं परजणबहुजाणावणाहिं । | २० |
| किं सक्का वुत्तुं जे । | ३५ |
| कीवो न कुणइ लोअं । | ३५६ |
| कुच्छा चिलीणमलसंकडेसु । | ३२१ |
| कुलघरनिअयसुहेसु य । | १५२ |
| केइ सुसीलसुहम्माइ । | १६७ |
| को दाही उवएसं । | ४९० |
| को दुक्खं पाविज्जा । | १२९ |
| कोडीसएहिं धणसंचयस्स । | ४८ |
| कोहो कलहो खारो । | ३०२ |
| कोहो माणो माया । | ३०१ |
| खित्ताईअं भुंजइ । | ३६२ |
| गच्छगओ अणुओगी । | ३८८ |
| गयकन्नचंचलाए। | ३२ |
| गामं देसं च कुलं । | ३५७ |
| गुणदोस बहु विसेसं । | ३१५ |
| गुणहीणो गुणरयणायरेसु । | ३५१ |
| गुरु गुरुतरो य अइगुरु । | १४२ |
| घोरे भयागरे सागरम्मि । | ३१४ |
| चरणकरणालसाणं । | ४३० |
| छज्जीवनिकायदयाविवज्जिओ । | ४३० |
| छलछउम संवइअरो । | ३०७ |
| जं आणवेइ राया। | ७ |
| जं जं समयं जीवो । | २४ |
| जं तं कयं पुरा पूरणेणं । | १०९ |
| जं न लहइ सम्मत्तं । | १२४ |
| जंतेहिं पीलिया वि हु । | ४२ |
| जइ ठाणी जइ मोणी। | ६३ |
| जइ ता असक्कणिज्जं । | ३४४ |
| जइ ता तिलोयनाहो। | ४ |
| जइ ता लवसत्तमसुर- । | २९ |
| जइ ताव सव्वओ संदुरोत्ति । | ६७ |
| जइ दुक्करदुक्करकारओत्ति । | ६६ |
| जइ सव्वं उवलद्धं । | ४८३ |
| जगचूडामणिभूओ, । | २ |
| जस्स गुरुम्मि न भत्ती । | ७५ |
| जस्स गुरुम्मि परिभवो । | २६३ |
| जह कच्छूलो कच्छुं । | २१२ |
| जह चयइ चक्कवट्टी । | १७३ |
| जह जह कीरइ संगो। | ११६ |
| जह जह खमइ सरीरं । | ३४३ |
| जह जह बहुस्सुओ समंओ अ । | ३२३ |
| जह दाइयम्मि वि पहे । | ४१६ |
| जह वणदवो वणं । | १३२ |
| जह सुरगणाण इंदो। | ८ |
| जहा खरो चंदणभारवाही । | ४२६ |
| जाइकुलरूवबलसुअ । | ३३० |
| जाणइ अ जह मरिज्जइ । | २०५ |
| जाणइ य जहा भोगिड्ढिसंपया । | २०३ |
| जाणिज्जइ चिंतिज्जइ । | २०४ |
| जावाउ सावसेसं । | २५८ |
| जिअकोहमाणमाया । | ३९० |
| जिट्ठव्वयपव्वयभर- । | ६२ |
| जिणपहअपंडिआणं । | १७६ |
| जिणवयणसुइसकण्णा । | ४३ |
| जीवंतस्स इह जसो । | ९८ |
| जीवेण जाणि विसज्जियाणि । | १९७ |
| जीवो जहामणसिअं । | १८९ |
| जे घरसरणपसत्ता । | २२० |

| ગાથા | ગાથાક્રમાંક |
|---|---|
| जो अविकलं तवं संजमं च । | १७१ |
| जो आगलेइ मत्तं । | ३१२ |
| जो कुणइ अप्पमाणं। | ६१ |
| जो गिण्हइ गुरुवयणं । | ९६ |
| जो चंदणेण बाहुं । | ९२ |
| जो चयइ उत्तरगुणे । | ११७ |
| जो नवि दिणे दिणे । | ४८० |
| जो निच्चकाल तवसंजमुज्जओ। | ३४० |
| जो निच्छएण गिण्हइ । | ११८ |
| जो नियमसीलतवसंजमेहिं । | ४५५ |
| जो भासुरं भुअंगं । | ३११ |
| जो सेवइ किं लहइ, । | २११ |
| जो हुज्ज उ असमत्थो । | ३८३ |
| जोइसनिमित्तअक्खर- । | ११५ |
| ड्ढवणकुले न ड्ढवेई । | ३६३ |
| ड्ढाणं उच्चुच्चयरं । | २६२ |
| तं सुरविमाणविभवं । | २८६ |
| तम्हा सव्वाणुन्ना । | ३९२ |
| तव-निअमसुट्ठिआणं । | ४४३ |
| तवनिअमसीलकलिआ । | २४६ |
| तिव्वयरे उ पओसे । | १७८ |
| ते धन्ना ते साहु । | ५९ |
| तो पढियं तो गुणियं । | ६४ |
| तो बहुगुणनासाणं । | १२५ |
| थद्धा छिद्दप्पेही। | ७४ |
| थेवोवि गिहिपसंगो । | ११३ |
| थोवेण वि सप्पुरिसा । | २८ |
| दावेऊण धणनिहिं । | २६१ |
| दिणदिक्खिअस्स दमगस्स। | १४ |
| दीसंति परमघोरा वि । | ३८ |
| देवा वि देव लोए । | २८५ |
| देवेहिं कामदेवो । | १२१ |
| देवो नेरइउत्ति अ । | ४५ |
| देहो पिपीलियाहिं । | १७४ |
| दो चेव जिणवरेहिं । | ४९१ |
| दोससयमूलजालं । | ५१ |
| धम्मं रक्खइ वेसो। | २२ |
| धम्ममिणं जाणंता । | १२० |
| धम्मम्मएहिं अइसुंदरेहिं । | १०४ |
| धम्मम्मि नत्थि माया । | ३९३ |
| धम्मो पुरिसप्पभवो । | १६ |
| धम्मो मएण हुंतो । | २५ |
| धित्तूण वि सामण्णं । | २५९ |
| धिद्धी अहो अकज्जं । | १२८ |
| न करेइ पहे जयणं । | ३६८ |
| न कुलं इत्थ पहाणं । | ४४ |
| न चइज्जइ चालेउं। | ५ |
| न त हिं दिवसा पक्खा । | ४७९ |
| न य नज्जइ सो दियहो । | २०७ |
| न वि इत्थ कोइ नियमो। | ४७ |
| न वि तं कुणइ अमित्तो । | १२६ |
| नरयगइगमणपडिहत्थए । | १०३ |
| नवि धम्मस्स भडक्का । | ३९४ |
| नहदंतकेसरोमे जमेइ । | ३५८ |
| नाऊणकरयलगयामलं व । | ४३१ |
| नाणं चरित्तहीणं । | ४२५ |
| नाणाहिअस्स नाणं । | ४२४ |
| नाणाहिओ वरतरं । | ४२३ |
| निअया वि निअयकज्जे । | १५१ |
| निग्गंतूण घराओ । | १९२ |

| ગાથા | ગાથાક્રમાંક |
|---|---|
| निच्चं संकिअभीओ । | २२६ |
| निच्छोडण निब्भंछण । | ३०३ |
| निम्ममा निरहंकारा । | ३८९ |
| नियगमइविगप्पिय-चिंतिएण । | २६ |
| पंचसमिआ तिगुत्ता । | ३९१ |
| पंचिंदिअत्तणं माणुसत्तणं । | ४६६ |
| पंचेव उज्झिऊणं । | २१७ |
| पडिरूवो तेयस्सी। | १० |
| पडिवज्जिऊण दोसे। | ३४ |
| पढइ नडो वेरग्गं । | ४७४ |
| पत्ता य कामभोगा । | २०२ |
| पत्थरेणाहओ कीवो । | १३९ |
| परपरिवायमईओ । | ७३ |
| परिअट्टिऊण गंथत्थ-वित्थरं । | ४७३ |
| परिचिंतिऊण निउणं । | ५११ |
| परितप्पिएण तणुओ । | १९५ |
| पवराइं वत्थपायासणोवगरणाइं । | ३२४ |
| पागडियसव्वसल्लो । | ६५ |
| पाणच्चए वि पावं । | १७५ |
| पाय पहे न पमज्जइ । | ३६० |
| पिल्लिज्जेसणमिक्को । | १५८ |
| पुरनिद्धमणे जक्खो । | १९१ |
| पुष्पिअफलिए तह पिउघरंमि । | ३९ |
| बहुसुक्ख सयसहस्साण । | १०२ |
| बायालमेसणाओ । | ३५४ |
| बुत्तूण वि जीवाणं । | ३३ |
| भज्जा वि इंदिअविगार- । | १४८ |
| भद्दो विणीयविणओ। | ६ |
| भवसयसहस्स-दुलहे । | १२३ |
| भोगे अभुंजमाणा वि । | १२२ |
| महुरं निउणं थोवं । | ८० |
| माणंसिणोवि अवमाणवंचणा । | ७८ |
| माणी गुरुपडिणीओ । | १३० |
| माणो मयहंकारो । | ३०४ |
| माया कुडंग पच्छन्नपावया । | ३०६ |
| माया पिया य भाया । | १४४ |
| मिण गोणसंगुलीहिं । | ९४ |
| मुक्का दुज्जणमित्ती । | २४५ |
| मुच्छा अइबहुधणलोभया य । | ३०९ |
| रसोऊण पगरणमिणं । | ४३४ |
| राउत्तिय दमगुत्ति अ । | ४६ |
| रायकुलेसु वि जाया। | ५६ |
| रीयइ य दवदवाए । | ३६४ |
| रूवेण जुव्वणेण य । | १५३ |
| रूसइ चोइज्जंतो । | ७६ |
| लद्धिल्लिअं च बोहिं । | २९२ |
| लद्धूण तं सुइसुहं । | ४५३ |
| लुद्धा सकज्जतुरिआ । | १५० |
| लोभो अइसंचयसीलया य । | ३०८ |
| वंदइ उभओ कालंपि । | २३० |
| वग्घमुहम्मि अहिगओ । | ४७२ |
| वत्थि व्व वायपुन्नो । | ३८१ |
| वरं मे अप्पा दंतो । | १८४ |
| वरिससय दिक्खिआए। | १५ |
| वसही-सयणासण- । | २४० |
| वहमारणअब्भक्खाण । | १७७ |
| वाससहस्सं पि जई । | २५१ |
| विग्गहविवायरुइणो। | ७० |
| विज्जं मंतं जोगं । | ३६५ |
| विणओ आवहइ सिरिं । | ३४२ |

| ગાથા | ગાથાક્રમાંક | ગાથા | ગાથાક્રમાંક |
|---|---|---|---|
| विणओ सासणे मूलं । | ३४१ | सव्वगहाणं पभवो । | २१० |
| विसयसुहरागवसओ । | १४७ | सव्वजिणपडिकुट्ठं । | १६१ |
| विसवल्लिमहागहणं । | ३१३ | सासयसुक्खतरस्सी । | १४९ |
| संघयणकालबल- । | २९३ | साहूण चेईआण य, । | २४२ |
| संजमतवालसाणं । | ४३३ | साहूणं अप्परुई । | ३१७ |
| संझरागजलबुब्बुओवमे । | २०८ | सीइज्ज कयाइ गुरू । | २४७ |
| संते वि कोवि उज्झइ। | ३७ | सीउण्हखुप्पिवासं । | ११९ |
| संपागडपडिसेवी । | ४२७ | सीलव्वयाइं जो बहुफलाइं । | १८८ |
| संवच्छर-चाउम्मासिएसु । | २४१ | सीसावेढेण सिरम्मि । | ९१ |
| संवच्छरमुसभजिणो। | ३ | सीहगिरिसुसीसाणं । | ९३ |
| संविग्गपक्खिआणं । | ४१४ | सुज्झइ जई सुचरणो । | ४१३ |
| संसारचारए चारए व्व । | २८९ | सुट्ठु वि जई जयंतो । | ३३३ |
| संसारवंचणा न वि । | १७० | सुतवस्सिआण पूआ- । | १६५ |
| सच्छंदगण-उट्ठाण-सोयणो । | ३८२ | सुपरिच्छिअसम्मत्तो । | २७२ |
| सच्छंदगमण-उट्ठाण-सोअणो । | ३८० | सुमिणंतराणुभूअं । | १९० |
| सज्झाएण पसत्थं । | ३३८ | सुरवइसमं विभूइं । | ४५२ |
| सट्ठिं वाससहस्सा । | ८१ | सुस्सूसई सरीरं । | ३२६ |
| सट्ठु वि उज्जममाणं। | ७२ | सुहिओ न चयइ भोए । | १७२ |
| सपरक्कमराउलवाइएण । | ५५ | सूरप्पमाणभोई । | ३५५ |
| सब्भावो वीसंभो । | ११४ | सो उग्गभवसमुद्दे । | १६९ |
| समिई-कसाय-गारव- । | २९५ | सोगं संतावं अधिइं च । | ३१९ |
| सम्मत्तदायगाणं । | २६९ | सोच्चा ते जिअलोए । | २६० |
| सम्मत्तम्मि उ लद्धे । | २७० | सोवइ य सव्वराइं । | ३५९ |
| सयलम्मि वि जियलोए । | २६८ | सोविय निअयपरक्कम- । | ३८४ |
| सव्वं ति भाणिऊणं । | ५०३ | हा जीव! पाव भमिहिसि । | १९४ |
| सव्वं थोवं उवहिं । | ३६१ | हिअमप्पणो करिंतो । | ४५४ |
| सव्वंगोवंगविगत्तणाओ । | १४६ | हीला निरोवयारित्तणं । | ३०५ |
| सव्वगईपक्खंदे । | २१५ | हुज्ज व न व देहबलं । | २९१ |

# नोंध


રત્ન મંજૂષા
PRINED BY :
KIRIT GRAPHICS
09898490091